વડોદરાથી દર શુક્રવારે પ્રસિધ્ધ થતુ નિડર અને નિષ્પક્ષ અખબાર

@dailypulsenews24

ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશ.

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

# દૈનિક પલ્સ

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીસ મો. ૯૯૦૯૯ ૧૧૧૭૫ R.N.I. NO : GJGUJ/25/A1447

Year : 1 • Issue : 17 • Date :- 24-10-2025 - Friday • Price Rs. 2 • Place Of Publication :- 703, Starline Complex, Alkapuri, Opp. Circuit House, Vadodara - 380007

વર્ષ : ૦૧ અંક : ૧૬ તા. ૨૪-૧૦-૨૦૨૫ શુક્રવાર વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/- છુટક નકલ : કિંમત રૂા. ૨/- ૭૦૩ સ્ટારલાઈન કોમ્પલેક્ષ, અલકાપુરી, સરકીટ હાઉસ સામે, વડોદરા-૩૯૦૦૦૭


બિહારમાં સંપૂર્ણ દારૂબંદી અમલમાં છે

## દારૂબંદી ધરાવતા બિહારમાં ચૂંટણી અગાઉ ૨૩ કરોડનો દારૂ જપ્ત



બિહાર,

બિહારમાં છ ઓક્ટોબરે વિધાનસભા ચૂંટણીની જાહેરાત પછી રાજ્યમાં વિભિન્ન એન્ફોર્સમેન્ટ એજન્સીઓએ અત્યાર સુધી કુલ ૬૪.૧૩ કરોડ રૂપિયાનું દારૂ, રોકડ, માદક પદાર્થો અને અન્ય લોભામણી વસ્તુઓ જપ્ત કરી છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે બિહારમાં એન્ફોર્સમેન્ટ એજન્સી તરફથી જપ્ત કરવામાં આવેલ દારૂની કીંમત ૨૩.૪૧ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે બિહારમાં સંપૂર્ણ દારૂબંદી અમલમાં છે.

એક અધિકારીએ જણાવ્યું હતું કે છ ઓક્ટોબરથી અત્યાર સુધી પોલીસ અને અન્ય સંબધિત એજન્સીઓએ ૭૫૩ લોકોની ધરપકડ કરી છે અને ૧૩,૫૮૭ બિન જામીનપાત્ર વોરન્ટ ઈશ્યુ કરવામાં આવ્યા છે.મુખ્ય ચૂંટણી અધિકારી (સીઈઓ)ની ઓફિસ દ્વારા જારી આંકડાઓ અનુસાર છ ઓક્ટોબરે વિધાનસભા ચૂંટણીની જાહેરાત પછી સમગ્ર રાજ્યમાં રોકડ, દારૂ, માદક પદાર્થો અને અન્ય લોભામણી વસ્તુઓનાં સ્વરૂપમાં કુલ ૬૪.૧૩ કરોડ રૂપિયાની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે.

આંકડાઓ અનુસાર જપ્ત કરવામાં આવેલી વસ્તુઓમાં ૨૩.૪૧ કરોડ રૂપિયાનું દારૂ, ૧૪ કરોડ રૂપિયાની લોભામણી વસ્તુઓ, ૧૬.૮૮ કરોડ રૂપિયાના માદક પદાર્થો અને ૪.૧૯ કરોડ રૂપિયાની રોકડ સામેલ છે.ચૂંટણી પંચે અગાઉ જ વિભિન્ન એન્ફોર્સમેન્ટ એજન્સીઓને નિર્દેશ આપ્યા છે કે તે ચૂંટણીઓમાં ધનનાં દુરુપયોગને રોકવા માટે તપાસ વધારી દે

લોકોને આંખોમાં બળતરાં થવા લાગ્યા

# દિવાળીએ ગેસ ચેમ્બર બનેલી દિલ્હીમાં AQI ૫૫૦ને પાર

પ્રદૂષણનું આ સ્તર અનેક સ્વાસ્થ્ય સમસ્યાઓનું કારણ બની શકે છે



નવીદિલ્હી,

દિવાળીના અવસરે, દિલ્હીની હવા ઝેર જેવી ખતરનાક થઈ ગઈ છે. દેશની રાજધાની જાણે "ગેસ ચેમ્બર" બની ગઈ છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB) અનુસાર, દિવાળી પર દિલ્હીની હવાની ગુણવત્તા "ખૂબ જ ખરાબ" અને "ગંભીર" શ્રેણીઓમાં પહોંચી ગઈ. શહેરના ૩૮ મોનિટરિંગ સ્ટેશનમાંથી ૩૪ સોમવારે (૨૦ ઓક્ટોબર) રેડ ઝોન નોંધાયા છે.

સોમવારે (૨૦ ઓક્ટોબર) સમગ્ર દિલ્હીનો એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ૫૩૧ છે, જે એક મોટી અને ગંભીર ખબર છે. પ્રદૂષણનું આ સ્તર અનેક સ્વાસ્થ્ય સમસ્યાઓનું કારણ બની શકે છે.

વિવિધ વિસ્તારોમાં પ્રદૂષણની સ્થિતિ: દિલ્હીના અલગ-અલગ વિસ્તારોમાં પ્રદૂષણનું સ્તર ચિંતાજનક છે:નરેલા: AQI ૫૫૧ (સૌથી વધુ)

અશોક વિહાર: AQI ૪૯૩

આનંદ વિહાર: AQI ૩૯૪

દિલ્હીને અડીને આવેલા વિસ્તારોમાં પણ સ્થિતિ નાજુક છે:

નોઈડા: AQI ૩૬૯ ('ખૂબ જ ખરાબ' શ્રેણીમાં)

ગાઝિયાબાદ: AQI ૪૦૨ ('ખૂબ જ ખરાબ' શ્રેણીમાં)

જોકે, ચંદીગઢમાં AQI ૧૫૮ રહ્યો, જે દર્શાવે છે કે NCR (નેશનલ કેપિટલ રિજન)માં હવાની ગુણવત્તા કેટલી ઝડપથી બગડી છે. આ સ્થિતિ પર સરકાર અને વહીવટીતંત્રે તાત્કાલિક ધ્યાન આપવાની જરૂર છે.

દિલ્હીમાં AQI ૫૩૧ સુધી પહોંચવું સ્પષ્ટપણે દર્શાવે છે કે હવા કેટલી ઝેરી બની ગઈ છે. ૪૦૦થી ઉપરનો AQI 'ગંભીર' શ્રેણીમાં ગણાય છે, જે સ્વસ્થ લોકોને પણ અસર કરી શકે છે. આ પ્રદૂષણની સ્થિતિમાં લોકોએ બહાર નીકળવાનું ટાળવું જોઈએ અને માસ્કનો ઉપયોગ કરવો જોઈએ. સ્વાસ્થ્ય નિષ્ણાતોએ બાળકો, વૃદ્ધો અને શ્વાસ સંબંધી સમસ્યાઓ ધરાવતા લોકો માટે વિશેષ કાળજી લેવાની સલાહ આપી છે. દિલ્હી અને NCRમાં હવામાનનું વાતાવરણ પર્યાવરણ માટે પ્રતિકૂળ બની રહ્યું છે. જોરદાર પવન ન ફૂંકાવાને કારણે સ્મોગની સ્થિતિ યથાવત રહેશે. સવારના સમયે અનેક સ્થળોએ આંશિક વાદળછાયું વાતાવરણ રહેવાની સંભાવના છે.

દિલ્હીમાં મહત્તમ તાપમાન ૩૧ થી ૩૩ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૦ થી ૨૨ ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે. લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં ૧-૩ ડિગ્રી સેલ્સિયસ વધારે અને મહત્તમ તાપમાન સામાન્યની આસપાસ રહેશે. આ સ્થિતિ પ્રદૂષણને ઘટાડવામાં મદદરૂપ નથી.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સવારના સમયે મુખ્ય સપાટીનો પવન દક્ષિણ-પૂર્વ દિશામાંથી ૫ કિમી પ્રતિ કલાકની ધીમી ગતિએ ચાલશે. મોડી સાંજ અને રાત સુધી પણ પવનની ગતિ ૮ કિમી પ્રતિ કલાકથી ઓછી રહેશે.

પવનની આ ધીમી ગતિ સ્મોગ અને ધુમ્મસના કણોને સપાટીની નજીક જકડી રાખે છે. છેલ્લા ૨૪ કલાકમાં દિલ્હી/NCRમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થયો નથી. ધીમા પવનને કારણે હાલમાં પ્રદૂષણમાંથી રાહત મળવાની કોઈ આશા નથી.

ચીનને મોટો ઝટકો

## અમેરિકાએ ઓસ્ટ્રેલિયા સાથે રેર અર્થ મિનરલ્સ સમજૂતી કરી




નવી દિલ્હી,

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝ સાથે દુર્લભ પૃથ્વી મિનરલ્સ (ખનીજો) ના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. તેના બદલામાં અમેરિકા ઓસ્ટ્રેલિયાને પરમાણુ સબમરીન આપશે. વ્હાઈટ હાઉસ ખાતે બંને નેતાઓ વચ્ચેની બેઠક દરમિયાન આ મહત્ત્વપૂર્ણ કરાર કરવામાં આવ્યો હતો. અલ્બેનીઝે જણાવ્યું હતું કે, ૮.૫ અબજ ડોલરનો આ કરાર બંને દેશો વચ્ચેના સંબંધોને નવી ઉંચાઈ પર લઈ જશે. તેમજ આ કરાર ચીનની પકડ ઢીલી કરશે,

કારણ કે તે આધુનિક ટેકનોલોજી પ્રોડેક્ટસ માટે આ દુર્લભ પૃથ્વી મિનરલ્સની ખૂબ જ જરુર પડે છે. આંકડા દર્શાવે છે કે, ઓસ્ટ્રેલિયા લિથિયમ, કોબાલ્ટ અને મેંગેનીઝના ઉત્પાદનમાં વિશ્વભરમાં પાંચમા ક્રમે છે. આ મિનરલ્સનો ઉપયોગ સેમિકન્ડકટરથી લઈને ડિફેન્સ હાર્ડવેર, ઈલેક્ટ્રિક કાર અને વિન્ડ ટર્બાઈન સુધીની દરેક બાબતમાં થાય છે. આ કરાર ચીનની પકડ ઢીલી કરશે, કારણ કે તે આધુનિક ટેકનોલોજી પ્રોડેક્ટસ માટે આ દુર્લભ પૃથ્વી મિનરલ્સની ખૂબ જ જરુર પડે છે હાલમાં, લિથિયમ અને નિકલના શુદ્ધિકરણમાં મામલે ચીન પહેલા ક્રમે છે. આ દુર્લભ પૃથ્વી મિનરલ્સના પ્રક્રિયામાં કોઈ ચીનને પછાડી શક્યું નથી.

ઉલ્લેખનીય છે કે, અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલા વેપાર યુદ્ધ વચ્ચે ઓસ્ટ્રેલિયા સાથેનો આ કરાર નોંધપાત્ર મહત્ત્વપૂર્ણ છે. આ મિનરલ્સનો ઉપયોગ મિસાઈલો અને સૌર પેનલમાં મોટા પાયે કરવામાં આવે છે. ઓસ્ટ્રેલિયા અને અમેરિકા આગામી છ મહિનામાં આ ક્ષેત્રમાં સંયુક્ત રીતે ૩ અરબનું રોકાણ કરી રહ્યા છે.ખનિજ ખાણકામ મામલે ઓસ્ટ્રેલિયા અગ્રેસર છે, પરંતુ તે મોટી માત્રામાં પ્રક્રિયા કરી શકતું નથી, જેથી કરીને લિથિયમ જેવા ખનિજો ચીન મોકલવા પડે છે. કુલ લિથિયમ ઉત્પાદનનો આશરે ૯૦% હિસ્સો ચીનમાં જાય છે, જ્યાં ચીન તેના પ્રોસેસિંગમાંથી નોંધપાત્ર નફો કમાય છે.

## ૮૮ લાખ રૂપિયામાં H-1B વિઝાનો નિયમ લાગુ કરાયો



નવીદિલ્હી,

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના 'ટેરિફ બોમ્બ' બાદ હવે ભારતીયો પર H-1B 'વિઝા બોમ્બ' પણ ફૂટ્યો છે. ટ્રમ્પ પ્રશાસન દ્વારા H-1B વીઝા પર લાદવામાં આવેલી એક લાખ ડોલર (આશરે ૮૮ લાખ રૂપિયા)ની જંગી ફી આજથી, એટલે કે મંગળવાર, ૨૧ ઓક્ટોબરથી લાગુ થઈ ગઈ છે. આ નિર્ણયની સૌથી મોટી અસર ભારતીયો પર થશે, કારણ કે લગભગ ૭૦ ટકા H-1B વીઝા ભારતીય પ્રોફેશનલ્સને જ મળે છે.યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ (USCIS) દ્વારા જારી કરાયેલી માર્ગદર્શિકા અનુસાર, આ નવી ફી એવા લોકો માટેની નવી H-1B અરજીઓ પર લાગુ થશે જેઓ હાલમાં અમેરિકાની બહાર છે અને જેમની પાસે માન્ય H-1B વીઝા નથી. આ ઉપરાંત, જે કર્મચારીઓ માટે અરજી કરવામાં આવી હોય અને નિર્ણય આવે તે પહેલાં તેમને અમેરિકા છોડવું પડે, તેમને પણ આ ફી ચૂકવવી પડશે.અમેરિકામાં રહેતા ભારતીયોને મોટી રાહત આ માર્ગદર્શિકામાં સૌથી મોટી રાહત એવા લોકોને આપવામાં આવી છે જેઓ પહેલેથી જ અમેરિકામાં હાજર છે. USCIS એ સ્પષ્ટ કર્યું છે કે આ જંગી ફી "સ્ટેટસમાં ફેરફાર" (Change of Status) પર લાગુ નહીં થાય. આનો અર્થ એ છે કે જે વિદ્યાર્થીઓ F-૧ (સ્ટુડન્ટ વીઝા) પરથી H-1B સ્ટેટસમાં બદલી રહ્યા છે અથવા જે હાલના H-1B ધારકો પોતાના વીઝાનું વિસ્તરણ (Extension) કરાવી રહ્યા છે, તેમને આ ૮૮ લાખ રૂપિયાની ફી ચૂકવવી પડશે નહીં. આ સ્પષ્ટતાથી અમેરિકામાં અભ્યાસ કરતા હજારો ભારતીય વિદ્યાર્થીઓ અને ત્યાં કામ કરતા કર્મચારીઓએ રાહતનો શ્વાસ લીધો છે.સરકારી શટડાઉનની અસર USCIS એ સ્વીકાર્યું છે કે અમેરિકામાં ચાલી રહેલા સરકારી શટડાઉનને કારણે અરજદારોને જરૂરી દસ્તાવેજો મેળવવામાં વિલંબ થઈ શકે છે. એજન્સીએ કહ્યું છે કે જો કોઈ અરજદાર સાબિત કરી શકે કે માત્ર શટડાઉનને કારણે જ તે સમયસર અરજી દાખલ કરી શક્યો નથી, તો તેને "અસાધારણ પરિસ્થિતિ" ગણીને માફી આપવા પર વિચારણા થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે H-1B વીઝાની નિયમિત ૬૫૦૦૦ અને માસ્ટર્સ કેપની ૨૦૦૦૦ની મર્યાદા માટેની અરજીઓ પહેલેથી જ પ્રાપ્ત થઈ ચૂકી છે.

## બાળકો સાથે સહેજ પણ અશ્લીલ હરકત કરવી તે પણ દુષ્કર્મ જ છે

નવીદિલ્હી,

બોમ્બે હાઈ કોર્ટની નાગપુર બેન્ચે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે, જેમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે બાળકો સાથે સહેજ પણ અશ્લીલ હરકત કરવી તે પણ દુષ્કર્મની શ્રેણીમાં ગણાવી જોઈએ. જસ્ટિસ નિવેદિતા મહેતાએ, વર્ધા જિલ્લાના હિંગણઘાટના રહેવાસી અને ડ્રાઈવર એવા ૩૮ વર્ષીય આરોપીની અરજી ફગાવી દેતી વખતે આ ટિપ્પણી કરી હતી. આ આરોપી પર ૫ અને ૬ વર્ષની બાળકીઓ સાથે ગંદી હરકત કરવાનો આરોપ હતો. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું કે આ પોક્સો (POCSO) કાયદા હેઠળનો કેસ છે અને આરોપીની ૧૦ વર્ષની સજા યથાવત રાખવામાં આવી છે. જસ્ટિસ મહેતાએ નોંધ્યું કે, 'પીડિતાને કોઈપણ પ્રકારના જાતીય ઈરાદાથી સ્પર્શ કરવો અથવા અશ્લીલ હરકતનો પ્રયાસ કરવો એ પણ દુષ્કર્મ ગણાય.' માહિતી અનુસાર, આરોપીએ બાળકોને જામફળ આપીને લલચાવ્યા અને ત્યારબાદ તેમને અશ્લીલ વીડિયો બતાવ્યા હતા.

ફ્રેન્ડલી ફાઈટ NDAએ માર્યો ટોણો

## બિહારમાં કોંગ્રેસ-RJD મહાગઠબંધનમાં પેચ ફસાયો




બિહાર,

બિહાર વિધાનસભાની ચૂંટણીના પહેલા તબક્કાના મતદાનને ગણતરીના દિવસો બાકી છે ત્યારે વિપક્ષી મહાગઠબંધનમાં બેઠકોની વહેંચણીને લઈને સર્વસંમતિનો અભાવ સ્પષ્ટપણે સામે આવ્યો છે. ઉમેદવારોની યાદીના વિશ્લેષણ પરથી જાણવા મળ્યું છે કે ગઠબંધનના પક્ષો વચ્ચે ઓછામાં ઓછી ૧૧ બેઠકો પર સીધી લડાઈ થશે, જે વિપક્ષમાં સંકલનના ગંભીર અભાવને ઉજાગર કરે છે.આરજેડીએ ૧૪૩ ઉમેદવારોની જે યાદી જાહેર કરી છે તેમાં વૈશાલી, સિકંદરા, કહલગાંવ, સુલતાનગંજ, નરકટિયાગંજ અને વર્સાલીગંજ જેવી છ બેઠકોનો સમાવેશ થાય છે, જ્યાં કોંગ્રેસે અગાઉથી જ પોતાના ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. તમામની નજર હવે ૨૩મી ઓક્ટોબર પર છે, જે બીજા તબક્કા માટે નામાંકન પાછું ખેંચવાની છેલ્લી તારીખ છે. ત્યાં સુધીમાં વિપક્ષી છાવણીમાં કોઈ સમાધાન થાય છે કે કેમ તે સ્પષ્ટ થશે.મહાગઠબંધનમાં આંતરિક વિભાજનને પગલે NDA અને ચિરાગ પાસવાનને વિપક્ષ પર પ્રહાર કરવાનો નવો મુદ્દો મળી ગયો છે. ગઠબંધનના પક્ષો વચ્ચે ઓછામાં ઓછી ૧૧ બેઠકો પર સીધી લડાઈ થશે, જે વિપક્ષમાં સંકલનના ગંભીર અભાવને ઉજાગર કરે છે ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સૈયદ શાહનવાઝ હુસૈને મહાગઠબંધન પર નિશાન સાધતા કહ્યું કે, 'આરજેડીએ પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરી છે.

## એક ઝાટકે ૧૭ હજાર રૂપિયા સસ્તું થયું ચાંદી




નવી દિલ્હી,

દિવાળીના શુભ પર્વની ઉત્સાહભેર ઉજવણી વચ્ચે સોના-ચાંદીની ખરીદી કરવા ઈચ્છુક લોકો માટે સારા સમાચાર આવ્યા છે. છેલ્લા કેટલાક દિવસોમાં સોના અને ચાંદી બંનેના ભાવમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ચાંદી ૧૭,૦૦૦ રૂપિયા સસ્તી થઈ છે, જ્યારે સોનાની કિંમતમાં ૫,૦૦૦ રૂપિયાથી વધુનો ઘટાડો નોંધાયો છે. જેના કારણે આ તહેવારોમાં ખરીદીની શાનદાર તક ઊભી થઈ છે.અહેવાલો અનુસાર, મલ્ટી કોમોડિટી એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (MCX) પર ૧૬મી ઓક્ટોબરના રોજ ચાંદીનો ભાવ ૧ લાખ ૭૦ હજાર રૂપિયાને વટાવી ગયો હતો, પરંતુ આજે (૨૦મી ઓક્ટોબર) તે ઘટીને ૧ લાખ ૫૩ હજાર રૂપિયા થઈ ગયો છે. આનો અર્થ એ થયો કે ભાવ તેના રેકોર્ડ ઉચ્ચતમ સ્તરથી ૧૭,૦૦૦ રૂપિયા ઘટી ગયો છે. ફક્ત આજે જ ચાંદીનો ભાવ પ્રતિ કિલો આશરે ૪ હજાર રૂપિયા ઘટ્યો છે. MCX પર સોનાની વાત કરીએ તો ૧૬મી ઓક્ટોબરના રોજ સોનું પ્રતિ ૧૦ ગ્રામ ૧,૩૨,૦૦૦ રૂપિયા સુધી પહોંચી ગયું હતું, પરંતુ આજે (૨૦મી ઓક્ટોબર) તે ૧ લાખ ૨૬ હજાર રૂપિયાની ઉપર ટ્રેડ કરી રહ્યું છે. આનો અર્થ એ થયો કે સોનાનો ભાવ તેના રેકોર્ડ ઊંચા ભાવથી ૫ હજાર રૂપિયાથી વધુ ઘટી ગયો છે. જો કે, આજે તેના ભાવમાં થોડો વધારો જોવા મળી રહ્યો છે.ભારતીય બુલિયન માર્કેટ (IBJA)માં સોનાના ભાવમાં અચાનક ઘટાડો જોવા મળ્યો છે. ૧૭મી ઓક્ટોબરે ૨૪ કેરેટ સોનાનો ભાવ ૧,૩૦,૮૩૪ રૂપિયા હતો, પરંતુ આજે (૨૦મી ઓક્ટોબર) તે ઘટીને ૧,૨૬,૭૩૦ રૂપિયા થઈ ગયો છે. આ ૨૪ કેરેટ સોનાના ભાવમાં ૪,૦૦૦ રૂપિયાનો ઘટાડો દર્શાવે છે. નોંધનીય છે કે, IBJA પર સોનાના દર ૧૭મી ઓક્ટોબરથી અપડેટ કરવામાં આવ્યા છે. આનો અર્થ એ થયો કે સોનાનો ભાવ તેના રેકોર્ડ ઊંચા ભાવથી ૫ હજાર રૂપિયાથી વધુ ઘટી ગયો છે. જો કે, આજે તેના ભાવમાં થોડો વધારો જોવા મળી રહ્યો છે.જ્યારે ૨૩ કેરેટ સોનું ૪,૦૦૦ રૂપિયા ઘટીને ૧,૨૬,૨૨૩ રૂપિયા થયું છે. ૨૨ કેરેટ સોનું આજે ૩,૦૦૦ રૂપિયાથી વધુ ઘટીને ૧,૧૬,૦૮૫ રૂપિયામાં ઉપલબ્ધ છે. ૧૮ કેરેટ સોનું ૩,૦૦૦ રૂપિયા ઘટીને ૯૫,૦૪૮ રૂપિયામાં ઉપલબ્ધ છે.૧૭મી ઓક્ટોબરના રોજ IBJA પર ચાંદીનો ભાવ ૧,૭૧,૨૭૫ રૂપિયા પ્રતિ કિલો હતો. જોકે, આજે તેનો ભાવ ૧૧,૦૦૦ રૂપિયાથી વધુ ઘટીને ૧,૬૦,૧૦૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયો છે. આનો અર્થ એ થયો કે ચાંદી ખરીદનારાઓ માટે આ એક શ્રેષ્ઠ તક હોઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, IBJA.com પર અપડેટ કરાયેલા દરો GST અને મેકિંગ ચાર્જ વગરના છે. જ્યારે તમે ઘરેણાં ખરીદો છો ત્યારે મેકિંગ ચાર્જ અને ટેક્સ વસૂલવામાં આવશે.

## તંત્રી લેખ

# આર્થિક પ્રગતિના સંકેત

તહેવારોને કારણે બજારમાં ભીડ દેખાઈ રહી છે. જો આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (ઁસ્હ્ર), જેના પર પશ્ચિમી મહાશક્તિઓનું પ્રભુત્વ છે અને હિઝ માસ્ટર્સ વોઈસ જેમ એ એક વાજિંત્ર જેમ વર્તે છે ત્યારે આ સંસ્થાએ હમણાં ભારત વિશે અભિવ્યક્ત કરેલી ઊંચી ધારણાઓ દેશ માટે આ તહેવારોમાં એક વિશિષ્ટ ઉપહાર છે. આઈએમએફ હવે ભારતના વિકાસ દરનો અંદાજ વધારે છે, તો આપણે તેને આપણા અર્થતંત્રની મજબૂતી તરીકે જોઈ શકીએ છીએ. ઁસ્હ્રએ સન ૨૦૨૫-૨૬ માટે ભારત માટે વૃદ્ધિનો અંદાજ વધારીને ૬.૬ ટકા કર્યો છે. આ નવીનતમ અપડેટ વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થ વ્યવસ્થાઓમાંની એક તરીકે દેશની સ્થિતિને વધુ મજબૂત બનાવે છે. હકીકતમાં, આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળે સ્થિતિસ્થાપક સ્થાનિક વપરાશ, મજબૂત સેવા નિકાસ અને સ્થિર જાહેર રોકાણને ધ્યાનમાં રાખીને આ સુધારો કર્યો છે. યુએસ પ્રમુખ ટ્રમ્પના મનસ્વી અને ભારે ટેરિફથી ભારતીય અર્થતંત્ર પર કોઈ મોટી નકારાત્મક અસર થતી નથી એની આ એક વધુ પ્રતીતિ છે.પરંતુ આ આશાવાદ હોવા છતાં, આપણે અનિશ્ચિત વૈશ્વિક પરિદ્રશ્યની વાસ્તવિકતા પ્રત્યે પણ સભાન રહેવું જોઈએ. આમાં વેપાર વિક્ષેપો, યુએસ ટેરિફ વધારો અને કડક નાણાંકીય પરિસ્થિતિઓ જેવા પરિબળો સામેલ હોઈ શકે છે, જે બધા ભારતના આર્થિક વિકાસને સીધી કે આડકતરી રીતે અસર કરી શકે છે. ભારતના અર્થતંત્રમાં ઁસ્હ્રનો વિશ્વાસ અલબત્ત મજબૂત ભારતીય સ્થાનિક બજાર, રાજકોષીય શિસ્ત અને ઔદ્યોગિક સ્પર્ધાત્મકતા વધારવાના હેતુથી લેવામાં આવેલા સુધારાના પગલાં દ્વારા પ્રેરિત છે. બીજી બાજુ, સરકાર દ્વારા માળખાગત સુવિધાઓ પર ખર્ચ, ડિજિટલ પરિવર્તનને પ્રોત્સાહન અને વધુ સારા કર સંપાદનથી મેક્રોઈકોનોમિક ફંડામેન્ટલ્સ મજબૂત થયા છે. જોકે, નિકાસ, ખાસ કરીને ઉત્પાદન ક્ષેત્ર, સ્વહિત રક્ષણવાદી નીતિઓ અને નબળી વૈશ્વિક માંગને કારણે સંવેદનશીલ રહે છે.

બીજી બાજુ, ચીન ધીમું પડી રહ્યું છે અને પશ્ચિમી અર્થતંત્રો પોતપોતાની પુરવઠા શૃંખલાઓને ફરીથી સંતુલિત કરી રહ્યા છે, ભારત પડકારો અને તકો બંનેનો સામનો કરી રહ્યું છે. આવી સ્થિતિમાં, ભારત માટે વૈશ્વિક વેપારમાં સંતુલન જાળવી રાખીને આત્મનિર્ભરતા તરફ આગળ વધવું મહત્ત્વપૂર્ણ છે. એમાં કોઈ શંકા નથી કે કેન્દ્ર સરકારે અર્થતંત્રના વર્તમાન પડકારને સમજીને 'મેક ઈન ઈન્ડિયા' અભિયાનને એક ચળવળના રૂપમાં જનતા સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે. કેન્દ્ર સરકાર આ ઝુંબેશ હેઠળ ઉત્પાદન પર નોંધપાત્ર ભાર મૂકી રહી છે, જેમાં ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણો, સેમીકન્ડક્ટર અને ગ્રીન ટેકનોલોજી માટે લક્ષિત અગ્રતાક્રમોને પ્રોત્સાહન આપવા પર પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. જોકે, સરકારે એ પણ સુનિશ્ચિત કરવું જોઈએ કે ટૂંકા ગાળાનાં લક્ષ્યો કરતાં લાંબા ગાળાની જરૂરિયાતોને પ્રાથમિકતા આપવામાં આવે. આ માટે શ્રમ બજારમાં સુધારા, જમીન સંપાદન અને વ્યવસાય કરવાની સરળતામાં સુધારો કરવાની જરૂર છે. આ ક્ષેત્રોમાં ગહન માળખાકીય સુધારાની જરૂર પડશે. બીજી બાજુ, ફુગાવાને નિયંત્રિત કરવો એ પણ કેન્દ્ર સરકારની પ્રાથમિકતા હોવી જોઈએ. વધતા જતા ફુગાવાથી લોકોની ખરીદ શક્તિ પર અસર પડે છે, જેનાથી ડિમાન્ડ અને પુરવઠા વચ્ચેનું સંતુલન ખોરવાઈ જાય છે. કૃષિ ઉત્પાદકતા અને રોજગાર સર્જનને પણ નીતિ કાર્યસૂચિના કેન્દ્રમાં રાખવું જોઈએ. ભારતની આજે આર્થિક સફળતાની વાર્તા આપણા સાવધ આત્મવિશ્વાસનું પરિણામ છે. દેશના સ્થાનિક અર્થતંત્રની સ્થિતિસ્થાપકતાએ તેને ઘણા બાહ્ય આંચકાઓથી સુરક્ષિત રાખ્યું છે. જોકે, આત્મસંતુષ્ટિ આ ફાયદાને નબળી પાડી શકે છે.લાંબા ગાળાના ટકાઉપણા માટે, ભારત સરકારે રાજકોષીય સમજદારી જાળવી રાખવી જોઈએ, અને સાથે સાથે માનવ મૂડી, ઉત્પાદકતા અને નવીનતામાં રોકાણ વધારવું જોઈએ. બીજી બાજુ, ચીન ધીમું પડી રહ્યું છે અને પશ્ચિમી અર્થતંત્રો પોતપોતાની પુરવઠા શૃંખલાઓને ફરીથી સંતુલિત કરી રહ્યા છે, ભારત પડકારો અને તકો બંનેનો સામનો કરી રહ્યું છે. આવી સ્થિતિમાં, ભારત માટે વૈશ્વિક વેપારમાં સંતુલન જાળવી રાખીને આત્મનિર્ભરતા તરફ આગળ વધવું મહત્ત્વપૂર્ણ છે. એમાં કોઈ શંકા નથી કે કેન્દ્ર સરકારે અર્થતંત્રના વર્તમાન પડકારને સમજીને 'મેક ઈન ઈન્ડિયા' અભિયાનને એક ચળવળના રૂપમાં જનતા સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે. કેન્દ્ર સરકાર આ ઝુંબેશ હેઠળ ઉત્પાદન પર નોંધપાત્ર ભાર મૂકી રહી છે.

# દુબઈથી હોંગકોંગ આવતું વિમાન રન-વેથી લપસી દરિયામાં ગરકાવ



દુબઈ,

દુબઈથી ઉડાન ભરનાર એક બોઈંગ ૭૪૭ કાર્ગો વિમાન સોમવારે વહેલી સવારે હોંગકોંગ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર લેન્ડિંગ કરતી વખતે રનવે પરથી લપસીને સમુદ્રમાં ખાબક્યું હતું. આ ભયાનક અકસ્માતમાં વિમાનમાં સવાર ચાર લોકોમાંથી બેના મોત થયા છે, જ્યારે અન્ય બેને બચાવી લેવાયા છે. દુર્ઘટના એટલી ગંભીર હતી કે વિમાનનો અડધો ભાગ તૂટીને સમુદ્રમાં ગરકાવ થઈ ગયો હતો.પ્રાથમિક અહેવાલો અનુસાર, આ દુર્ઘટના સ્થાનિક સમય અનુસાર સવારે લગભગ ૩:૫૦ વાગ્યે બની હતી. વિમાન લેન્ડિંગ દરમિયાન રનવે પર નિયંત્રણ ગુમાવી બેઠું અને સીધું નજીકના સમુદ્રમાં જઈને પડ્યું. ઘટનાની જાણ થતાં જ એરપોર્ટ પર મોટા પાયે કટોકટી અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. એરપોર્ટ ઓથોરિટીએ જણાવ્યું કે બે લોકોને બચાવી લેવાયા છે, પરંતુ અન્ય બે લોકોના મોત થયા છે.આ દુર્ઘટના બાદ હોંગકોંગ એરપોર્ટના વ્યસ્ત એવા ઉત્તરી રનવેને તાત્કાલિક બંધ કરી દીધો છે, જેના કારણે કેટલીક ફ્લાઈટ્સના સંચાલન પર અસર પડી શકે છે. જોકે, એરપોર્ટના દક્ષિણ અને મધ્ય રનવે કાર્યરત છે. બીજી તરફ, અમીરાત એરલાઈન્સે એક નિવેદન જારી કરીને જણાવ્યું છે કે, ફ્લાઈટ EK9788 દુર્ઘટનાગ્રસ્ત થઈ છે, પરંતુ ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત છે. જોકે, એરપોર્ટ ઓથોરિટીના મૃત્યુના આંકડા આ નિવેદનથી વિરોધાભાસી છે, જેના કારણે હાલ પરિસ્થિતિ અસ્પષ્ટ છે.હોંગકોંગના નાગરિક ઉડ્ડયન વિભાગે જણાવ્યું છે કે આ દુર્ઘટનાની જાણ હોંગકોંગ એર એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન એજન્સીને કરવામાં આવી છે. તપાસ એજન્સીની ટીમ અકસ્માતના કારણો શોધવાનો પ્રયાસ કરશે, જેમાં સંભવિત તકનીકી ખામી, પાઈલટની ભૂલ અથવા તે સમયની ખરાબ હવામાન પરિસ્થિતિ જેવા પરિબળોની તપાસ કરવામાં આવશે.

**આ દુર્ઘટના બાદ હોંગકોંગ એરપોર્ટના વ્યસ્ત એવા ઉત્તરી રનવેને તાત્કાલિક બંધ કરી દીધો છે, જેના કારણે કેટલીક ફ્લાઈટ્સના સંચાલન પર અસર પડી શકે છે**

### અંડર કન્સ્ટ્રક્શન એરિયામાંથી ચોરો ઘૂસ્યા

# પેરિસમાં મ્યુઝિયમમાંથી સાત મિનિટમાં કિંમતી દાગીના ચોરાયા



પેરિસ,

પ્રખ્યાત મ્યુઝિયમમાંથી કિંમતી અને દુર્લભ દાગીનાની ચોરીના દૃશ્ય અનેક ફિલ્મોમાં જોવા મળેલા છે. ફેશન નગરી પેરિસના પ્રખ્યાત લોર મ્યૂઝિયમમાંથી ભરચક ભીડ વચ્ચેથી દુર્લભ દાગીનાની ચોરી થતાં ચકચાર મચી છે. માત્ર ૭ મિનિટમાં દાગીનાની ચોરી કર્યા પછી ભેજાબાજ લૂટારુઓ ટુ-વ્હિલર પર નાસી છૂટ્યા હતા. સમગ્ર ફ્રાન્સમાં તસ્કરોને શોધવા કવાયત હાથ ધરવામાં આવી છે.ફ્રાન્સના સાંસ્કૃતિક મંત્રી રેચિડા ડટીએ એક્સ પોસ્ટ પર જણાવ્યુ હતું કે, લોર મ્યૂઝિયમમાં રવિવારે સવારો ચોરી થઈ હતી. આ ઘટનામાં કોઈ ઈજા થઈ ન હતી. ફ્રાન્સના આંતરિક મંત્રી લોરેન નુએઝે આ ઘટનાને મોટી લૂટ ગણાવતા કહ્યુ હતું કે, લૂટારુઓ બાસ્કેટ લિફ્ટની મદદથી ઘૂસ્યા હતા. અંડર કન્સ્ટ્રક્શન એરિયામાં આવેલી બાસ્કેટ લિફ્ટમાંથી તેઓ આવ્યા હતા. આ બાસ્કેટ લિફ્ટનો ઉપયોગ સામાનની હેર ફેર માટે થતો હોય છે. બાદમાં તેઓ ડિસ્ક કટરની મદદથી બારી તોડવામાં સફળ રહ્યા હતા. બારી તોડીને એપોલો ગેલેરી ખાતે આવેલા રૂમમાં પહોંચ્યા હતા. આ ઘટના સવારે ૯.૩૦ના અરસામાં બની હતી. તે સમયે મ્યૂઝિયમને જાહેર જનતા માટે શરૂ કરી દેવામાં આવ્યુ હતું. માત્ર સાત મિનિટના જ સમયમાં ઘરેણાં ચોરીને તસ્કરો ટુ-વ્હિલર પર નાસી છૂટ્યા હતા. સમગ્ર ફ્રાન્સમાં આ ઘટનાને જ્વેલરી હેઈસ્ટ તરીકે ઓળખવામાં આવે છે. ઘટના બાદ ફોરેન્સિક તપાસ હાથ ધરવામાં આવી છે અને ચોરાયેલી વસ્તુઓની યાદી તૈયાર થઈ રહી છે. પેરિસના પ્રખ્યાત લોર મ્યૂઝિયમમાં નેપોલિયનના અંગત કલેક્શનની અમૂલ્ય જ્વેલરી રાખવામાં આવી હતી. પેરિસમાં રોજના સેંકડો લોકો આ મ્યૂઝિયમમાં આ કલેક્શન જોવા આવતા હતા. ચોરોએ પ્રદર્શન સ્થળે આવેલી એપોલો ગેલેરીના બે ડિસ્પ્લેને ટાર્ગેટ બનાવ્યા હતા. નેપોલિયનના ઘરેણામાંથી ૯ કિંમતી વસ્તુઓ ચોરાઈ હોવાનું કહેવાય છે. ચોરાયેલા દાગીના પૈકીની એક વસ્તુ બાદમાં મ્યુઝિયમની બહારથી મળી આવી હતી. નેપોલિયનના ઘરેણાં ઉપરાંત સમ્રાટ યુજિનનો મુગટ પણ ચોરાયો હતો, જે બાદમાં મ્યુઝિયમ બહારથી મલી આવ્યો હતો. આ મુગટ નીચે પડી જવાથી તૂટી ગયેલો હતો.

### દિવાળી પર ટ્રમ્પે આપી ભારતને ધમકી

# ભારતે રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું બંધ નહીં કર્યું તો વધુ ટેરિફ લગાવીશું




વોશિંગ્ટન,

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતને ચેતવણી આપી છે કે જો તે રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ નહીં કરે તો તેને ભારે ટેરિફનો સામનો કરવો પડશે. ટ્રમ્પે એવો પણ દાવો કર્યો હતો કે તેમણે આ મુદ્દે પીએમ મોદી સાથે વાત કરી હતી, જોકે વિદેશ વિભાગે ટ્રમ્પના દાવાને ફગાવી દીધો છે. ટ્રમ્પ કહે છે કે રશિયા પાસેથી તેલ ખરીદીને ભારત પરોક્ષ રીતે યુક્રેન યુદ્ધમાં મદદ કરી રહ્યું છે. યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ભારત પર ટેરિફ વધારવાની ધમકી આપી છે. તેમણે એવો દાવો પણ કર્યો છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને ખાતરી આપી છે કે તેઓ રશિયન તેલ ખરીદવાનું બંધ કરશે. જોકે, ભારતીય વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને પીએમ મોદી વચ્ચેની વાતચીત વિશે તેમની પાસે કોઈ માહિતી નથી. પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું, "પીએમ મોદીએ મને કહ્યું હતું કે તેઓ રશિયન તેલનું કામ નહીં કરે. પરંતુ જો તેઓ કરશે, તો તેઓ ખૂબ ભારે ટેરિફ ચૂકવશે." બુધવારે, ટ્રમ્પે ઓવલ ઓફિસમાંથી દાવો પણ કર્યો હતો કે, પીએમ મોદીએ તેમને ખાતરી આપી હતી કે તેઓ રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરશે. બુધવારે, ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકા "ખુશ નથી" કે ભારત રશિયા પાસેથી ક્રૂડ તેલ ખરીદી રહ્યું છે. તેમણે દલીલ કરી હતી કે આવી ખરીદીઓ રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને યુદ્ધને નાણાં પૂરા પાડવામાં મદદ કરે છે. એક પ્રશ્નના જવાબમાં, યુએસ રાષ્ટ્રપતિએ કહ્યું, "મોદી મારા મિત્ર છે, અમારા સંબંધો ખૂબ સારા છે. અમે ખુશ નહોતા કે તેઓ રશિયા પાસેથી તેલ ખરીદી રહ્યા હતા. કારણ કે તેનાથી રશિયાને આ અર્થહીન યુદ્ધ ચાલુ રાખવાની મંજૂરી મળી. તેઓએ આ યુદ્ધમાં લાખો લોકો ગુમાવ્યા." તેમણે ઉમેર્યું, "હું ખુશ નહોતો કે ભારત તેલ ખરીદી રહ્યું હતું, અને તેમણે મને ખાતરી આપી છે કે તેઓ રશિયા પાસેથી તેલ ખરીદશે નહીં. આ એક મોટું પગલું છે. હવે આપણે ચીનને પણ એવું જ કરવા માટે મજબૂર કરવું પડશે." ટ્રમ્પે કહ્યું, "તેમણે મને ખાતરી આપી છે કે રશિયા પાસેથી કોઈ તેલ ખરીદવામાં આવશે નહીં. મને ખબર નથી, કદાચ આ મોટા સમાચાર છે. શું હું એમ કહી શકું?... તે રશિયા પાસેથી તેલ ખરીદી રહ્યા નથી. તે પહેલેથી જ શરૂ થઈ ગયું છે." તે તરત જ તે કરી શકતા નથી પરંતુ પ્રક્રિયા ટૂંક સમયમાં પૂર્ણ થશે. ગુરુવારે અહીં સાપ્તાહિક બ્રીફિંગમાં રશિયા પાસેથી ભારત દ્વારા તેલ ખરીદવા અંગે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન અંગેના પ્રશ્નના જવાબમાં, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ગઈકાલે બંને નેતાઓ વચ્ચે કોઈ વાતચીત થઈ નથી. તેમણે કહ્યું, "મને ગઈકાલે બંને નેતાઓ વચ્ચે કોઈ વાતચીતની જાણ નથી." તેમણે કહ્યું કે રશિયા પાસેથી તેલ ખરીદવાના મુદ્દા પર ભારતનું વલણ પહેલાથી જ એક નિવેદન દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

# પુતિનની શરત માની લો નહીંતર રશિયા તબાહ કરી નાખશે

વોશિંગ્ટન,

US પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી ૧૭ ઓક્ટોબરના રોજ વ્હાઈટ હાઉસ ખાતે મળ્યા હતા. આ બેઠક અત્યંત તણાવપૂર્ણ હતી. ફાઈનાન્સિયલ ટાઈમ્સના અહેવાલ મુજબ, સૂત્રોએ જણાવ્યું હતું કે, બેઠક ક્યારેક "તીવ્ર અને આક્રમક ભાષા" માં ફેરવાઈ ગઈ, જેમાં ટ્રમ્પે રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનના નિવેદનોનું લગભગ શબ્દશઃ પુનરાવર્તન કર્યું હતું. અહેવાલો અનુસાર, ટ્રમ્પે ઝેલેન્સકીને કહ્યું હતું કે, જો યુક્રેન રશિયા સાથે કરાર નહીં કરે, તો "પુતિન તમને તબાહ કરી દેશે." તેમણે યુક્રેનના યુદ્ધ નકશા બાજુ પર ફેંકતા કહ્યું કે, "આ લાલ રેખા શું છે? મને ખબર નથી કે આ સ્થાન ક્યાં છે." ટ્રમ્પે યુક્રેનને સમગ્ર ડોનબાસ પ્રદેશ રશિયાને સોંપવાની સલાહ આપતા કહ્યું કે, "પુતિનને કંઈક તો મળશે જ, તેમણે અમુક પ્રદેશ જીતી લીધો છે." સૂત્રોએ જણાવ્યું હતું કે, ટ્રમ્પ પુતિનને વાત જ કહી રહ્યા હતા.. યુરોપિયન અધિકારીઓના જણાવ્યા અનુસાર, ટ્રમ્પે બેઠક દરમિયાન વારંવાર કહ્યું હતું કે, પુતિને તેમને કહ્યું હતું કે, આ "યુદ્ધ નહીં, પરંતુ એક ખાસ અભિયાન" છે.

ટ્રમ્પે ઝેલેન્સકીને કહ્યું હતું કે, તેમણે હવે એક સોદો કરવો જોઈએ, નહીં તો બધું સમાપ્ત થઈ જશે. બેઠકમાં હાજર રહેલા એક યુરોપિયન અધિકારીએ કહ્યું કે, "ટ્રમ્પ પુતિને તેમને એક દિવસ પહેલા ફોન પર જે કહ્યું હતું તે જ વાત કરી રહ્યા હતા."

યુક્રેનિયન પ્રતિનિધિમંડળ આ બેઠકમાં યુનાઈટેડ સ્ટેટ્સ પાસેથી લાંબા અંતરની ટોમાહોક ક્રુઝ મિસાઈલોની વિનંતી કરવા માટે આવ્યું હતું, પરંતુ ટ્રમ્પે આ ઓફરને નકારી કાઢી, યુક્રેનને બીજો ઝટકો આપ્યો હતો. આનાથી યુક્રેનની હતાશામાં વધુ વધારો થયો હતો. અહેવાલો અનુસાર, બેઠક દરમિયાન, ટ્રમ્પ અને ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સે ઝેલેન્સકીને ઠપકો આપતા કહ્યું કે, તેઓ યુનાઈટેડ સ્ટેટ્સ પ્રત્યે પૂરતી કૃતજ્ઞતા દર્શાવી રહ્યા નથી. આ દર્શાવે છે કે, ટ્રમ્પ જાહેરમાં એક વાત કહે છે અને ખાનગીમાં બીજી વાત. થોડા દિવસો પહેલા, તેઓ રશિયાને યુક્રેનને ટોમાહોક મિસાઈલો પૂરી પાડવાની શક્યતા સાથે ધમકી આપી રહ્યા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર, પુતિને ટ્રમ્પ સમક્ષ એક નવો પ્રસ્તાવ મૂક્યો છે, જેમાં યુક્રેન ડોનબાસ પ્રદેશ રશિયાને સોંપી દે, જેના બદલામાં રશિયા ખેરસન અને ઝાપોરિઝિયાના કેટલાક ભાગો યુક્રેનને સોંપી દેશે. જોકે, યુક્રેનિયન સાંસદ ઓલેકઝાન્ડર મેરિઝકોએ કહ્યું કે, "લડાઈ વિના ડોનબાસ છોડી દેવું આપણા સમાજ માટે અસ્વીકાર્ય છે. આ આપણી એકતાને તોડવાની રશિયન યુક્તિ છે."

### ગાઝાના લોકો પર હુમલાની હમાસની યોજનાઃ અમેરિકા

# ગાઝામાં ઇઝરાયેલનો બોમ્બ-તોપમારોઃ યુદ્ધવિરામ સામે જોખમ

## પોતાના સૈનિકો પર ત્રણ સ્થળોએ હુમલા પછી હમાસ સામે કાર્યવાહીઃ સહાય પણ અટકાવી



તેલ અવીવ,

ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના નાજૂક યુદ્ધવિરામ સામે રવિવારે જોખમ ઊભું થયું હતું. હમાસના ત્રાસવાદીઓએ ઈઝરાયેલી સૈનિકો સામે ફાયરિંગ કર્યા પછી ઈઝરાયેલે પણ ગાઝામાં શ્રેણીબદ્ધ સ્થળો પર બોંબમારો અને તોપમારો કર્યો હતો. બંને પક્ષોએ એકબીજા પર યુદ્ધવિરામ ભંગનો આક્ષેપ કર્યો હતો. ઈઝરાયેલના હુમલામાં ગાઝામાં ઓછામાં ઓછા ૧૧ લોકોના મોત થયા હોવાનું સ્થાનિક આરોગ્ય સત્તાવાળાએ જણાવ્યું હતું.ઈઝરાયલી લશ્કરી અધિકારીએ જણાવ્યું હતું કે રવિવારે ઈઝરાયલી સૈનિકો પર ઓછામાં ઓછા ત્રણ હુમલાઓના બદલામાં હમાસના ટાર્ગેટ પર હજુ પણ વધુ હુમલાઓ શરૂ થઈ શકે છે. રફાહના દક્ષિણ વિસ્તારમાં હમાસના આતંકવાદીઓએ ટેન્ક વિરોધી મિસાઈલ છોડી હતી અને તેના સૈનિકો પર ગોળીબાર કર્યો હતો. તેમને નિશાન બનાવી હુમલા અને તોપમારો કરાયો હતો. વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું હતું કે તેમણે યુદ્ધવિરામના ઉલ્લંઘનનો કડક જવાબ આપવા સૈન્યને આદેશ આપ્યો છે.હમાસના સશસ્ત્ર દળે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તે સમગ્ર ગાઝામાં યુદ્ધવિરામ કરાર પ્રત્યે પ્રતિબદ્ધ છે. તે રફાહમાં થયેલી અથડામણથી અજાણ છે અને માર્ચથી તે ત્યાંના ત્રાસવાદી જૂથો સાથે સંપર્કમાં નથી. અહીં ઉલ્લેખનીય છે કે અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પની ગાઝા શાંતિ યોજનાના ભાગરૂપે બંને પક્ષો વચ્ચે ૧૧ ઓક્ટોબર પ્રથમ તબક્કાની યુદ્ધવિરામની સમજૂતી થઈ હતી. જોકે રવિવારના સંઘર્ષથી કાયમી શાંતિની આશાઓ વધુ ધૂંધળી બની હતી. બીજી તરફ ઈઝરાયેલે ગાઝા અને ઈજિપ્ત વચ્ચેના રફાહ બોર્ડર ક્રોસિંગને બંધ રાખવાની જાહેરાત કરી હતી. નેતન્યાહૂના કાર્યાલયે નિવેદનમાં જણાવ્યું હતું કે હમાસ મૃત્યુ પામેલા ૨૮ બંધકોના મૃતદેહો પરત કરે તે પછી જ રફાહ બોર્ડર ખોલવામાં આવશે. ગયા સપ્તાહે હમાસે ૧૩ મૃતદેહો સોંપ્યા હતાં. અમેરિકાના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે હમાસ ગાઝાના રહેવાસીઓ પર નજીકના સમયગાળામાં હુમલા કરવાની યોજના બનાવી રહ્યું હોવાનું તેની પાસે વિશ્વસનીય અહેવાલો છે.પેલેસ્ટિનિયન નાગરિકો સામે આ આયોજિત હુમલો યુદ્ધવિરામ કરારનું સીધું અને ગંભીર ઉલ્લંઘન કરશે અને મધ્યસ્થી પ્રયાસો દ્વારા પ્રાપ્ત થયેલી નોંધપાત્ર પ્રગતિને નબળી પાડશે. જોકે હમાસે આવા દાવાને ખોટા ગણાવીને ફગાવી દીધા હતાં અને ઈઝરાયલ પર તેના નિયંત્રણ હેઠળના વિસ્તારોમાં કાર્યરત સશસ્ત્ર જૂથોને ટેકો આપવાનો આરોપ આક્ષેપ કર્યો હતો.

### આર્થિક મદદ રોકવા ચીમકી

# ડોનાલ્ડ ટ્રમ્પે કોલંબિયાના પ્રમુખ પેટ્રોને ડ્રગ્સના દાણચોર કહ્યા



**યુએસ તરફથી નોંધપાત્ર આર્થિક મદદ તેમજ સબસિડી મળી રહી હોવા છતાં પેટ્રો તેને રોકવા માટે કંઈ જ કરી રહ્યા નથી**

પામ બીચ,

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે લેટિન અમેરિકાના દેશ કોલંબિયાના વડા ગુસ્તાવો પેટ્રોને ગેરકાયદે ડ્રગ ડીલર ગણાવ્યા અને સાથે જ અમેરિકા દ્વારા અપાતી આર્થિક મદદ રોકવાની ચિમકી પણ ઉચ્ચારી છે. ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં લખ્યું કે, કોલંબિયાના રાષ્ટ્રપતિ ગુસ્તાવો પેટ્રો ગેરકાયદે ડ્રગ્સના દાણચોર છે, તેઓ એક નિષ્ફળ તથા બિનલોકપ્રિય નેતા છે. જો કોલંબિયા ડ્રગ્સના વધી રહેલા દુષણ સામે કાર્યવાહી નહીં કરે તો અમેરિકા તેની સામે પગલાં લઈ શકે છે. ટ્રમ્પે રવિવારે ફ્લોરિડા સ્થિત તેના માર-એ-લાગો રિસોર્ટ ખાતે આ નિવેદન કર્યું હતું. યુએસ તરફથી નોંધપાત્ર આર્થિક મદદ તેમજ સબસિડી મળી રહી હોવા છતાં પેટ્રો તેને રોકવા માટે કંઈ જ કરી રહ્યા નથી ટ્રમ્પે ઉમેર્યું કે, પેટ્રો અમેરિકા વિરુદ્ધ ઝેર ઓકી રહ્યા છે. તેમણે તાત્કાલિક ધોરણો 'મોતના ખેતરો' બંધ કરવા જોઈએ અન્યથા યુએસ તેને બંધ કરશે. ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં લખ્યું કે, કોલંબિયાના રાષ્ટ્રપતિ ગુસ્તાવો પેટ્રો ગેરકાયદે ડ્રગ્સના દાણચોર છે, તેઓ એક નિષ્ફળ તથા બિનલોકપ્રિય નેતા છે. જો કોલંબિયા ડ્રગ્સના વધી રહેલા દુષણ સામે કાર્યવાહી નહીં કરે તો અમેરિકા તેની સામે પગલાં લઈ શકે છે. પેટ્રો તેમના દેશમાં નાના તથા મોટા ખેતરોમાં ડ્રગ્તની ખેતીને પ્રોત્સાહન આપે છે. હવે આ કોલંબિયાનો સૌથી મોટો વેપાર બની ગયો છે. યુએસ તરફથી નોંધપાત્ર આર્થિક મદદ તેમજ સબસિડી મળી રહી હોવા છતાં પેટ્રો તેને રોકવા માટે કંઈ જ કરી રહ્યા નથી. આ અમેરિકા સાથે સૌથી મોટો દગો છે.

ગુજરાતી ફિલ્મોમાં પણ અભિનય કર્યો

# બોલીવુડના હાસ્ય કલાકાર અસરાનીનું ૮૪ વર્ષની વયે નિધન

## અસરાનીએ ૧૯૬૦ ના દાયકામાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી અને ૪૦૦ થી વધુ ફિલ્મોમાં કામ કર્યું હતું




મુંબઈ,

બોલીવુડના પ્રખ્યાત હાસ્ય કલાકાર અને અભિનેતા અસરાનીનું ૮૪ વર્ષની વયે નિધન થયું છે. તેઓ છેલ્લા પાંચ દિવસથી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. તેમનું પૂરું નામ ગોવર્ધન અસરાની હતું. ૧ જાન્યુઆરી, ૧૯૪૧ ના રોજ જયપુરમાં જન્મેલા અસરાનીએ ૧૯૬૦ ના દાયકામાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી અને ૪૦૦ થી વધુ ફિલ્મોમાં કામ કર્યું હતું. 'શોલે'માં ' અંગ્રેજો કે જમાને કે જેલર' ની તેમની ભૂમિકા યાદગાર રહી છે. તેમજ 'ખટ્ટા મીઠા' અને 'ચુપકે ચુપકે' જેવી ફિલ્મોમાં તેમની ભૂમિકાને લોકોને વખાણી હતી.હીરો તરીકે અસરાનીની ગુજરાતી ફિલ્મોની વાત કરીએ તો 'અમદાવાદનો રિક્ષાવાળો', 'સાત કૈદી', 'સંસાર ચક્ર', 'પંખીનો માળો', 'જુગલ જોડી', 'માબાપ', 'છેલ છબીલો ગુજરાતી' કામ કર્યુ હતું.આ ઉપરાંત, સહાયક અભિનેતા અને કોમેડિયન તરીકેની ફિલ્મોની વાત કરીએ તો 'મોટા ઘરની વહુ', 'પિયુ ગયો પરદેશ', 'બાપ ધમાલ દીકરા', 'વાયા વિરમગામ', 'પારકા પોતાના', 'ઘર ઘરની વાત' અને 'નસીબદાર'નો સમાવેશ થાય છે. ઉપરાંત, તેમની તાજેતરની ફિલ્મોમાં ઉન્ધીનાપુર (૨૦૧૯), શું કરીશું (૨૦૧૬), ફિલ્લમ (૨૦૧૬) અને નસીબદાર (૨૦૧૬)નું નામ લેવાય છે.અસરાનીના અચાનક અવસાનથી લોકો અને ફિલ્મ સ્ટારોમાં શોકનો માહોલ છે. તેમણે પોતાની કારકિર્દી દરમિયાન સેંકડો ફિલ્મોમાં અભિનય કર્યો હતો. ૧ જાન્યુઆરી, ૧૯૪૧ના રોજ જયપુરમાં જન્મેલા અસરાનીએ જયપુરની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ તેમણે રાજસ્થાન કોલેજમાંથી સ્નાતક થયા હતા. અસરાનીએ ૧૯૬૭ માં ફિલ્મ 'હરે કાંચ કી ચૂડિયાં'થી ફિલ્મી દુનિયામાં પ્રવેશ કર્યો હતો.અસરાની ની કોશિશ (૧૯૭૩), બાવર્ચી (૧૯૭૨), ચુપકે ચુપકે (૧૯૭૫), છોટી સી બાત (૧૯૭૫), અને શોલે (૧૯૭૫) તેમની સૌથી યાદગાર ફિલ્મો છે. અસરાની હવે આ દુનિયામાં નથી પણ તેઓ તેમના પાત્રો દ્વારા હંમેશા જીવંત રહેશે.મળતી માહિતી પ્રમાણે અસરાની ઈચ્છતા નહોતા કે તેમના નિધન પછી કોઈ મોટી હિલચાલ થાય કે પછી શોરબકોર. તેમણે તેમના પત્ની મંજૂ અસરાનીને પહેલા કહ્યું હતું કે તેમના નિધનના સમાચાર કોઈને જણાવવા નહીં. આ જ કારણથી પરિવારે કોઈ જાહેરાત ચૂપચાપ અંતિમસંસ્કાર કરી દીધા હતા. અસરાનીના અંતિમસંસ્કાર આજે સાંજના સાંતાક્રુઝ સ્થિત શાસ્ત્રીનગર સ્મશાનભૂમિમાં પરિવાર અને નજીકના લોકોની હાજરીમાં શાંતિપૂર્વક કરવામાં આવ્યા હતા.

ઈશિતે ઈન્સ્ટાગ્રામ પર એપિસોડની ક્લિપ સાથે વીડિયો શેર કર્યો

# કેબીસીમાં અમિતાભ સાથે વર્તન માટે ૧૦ વર્ષના ઈશિતે માંગી માફી




મુંબઈ,

'કૌન બનેગા કરોડપતિ ૧૭ જુનિયર'માં તાજેતરમાં જોવા મળેલા ૧૦ વર્ષીય ઈશિત ભટ્ટે અમિતાભ બચ્ચન સાથેના વર્તન માટે માફી માંગી છે. ગાંધીનગરના આ બાળકે સોશિયલ મીડિયા પર વીડિયો શેર કરીને પોતાના વર્તન પર પસ્તાવો વ્યક્ત કર્યો અને કહ્યું કે તેનો એવો કોઈ ઈરાદો નહોતો.ઈશિત ભટ્ટ હોટસીટ પર બેઠો અને રમત રમી, પરંતુ તેની રમત કરતાં અમિતાભ બચ્ચન સાથેનું વર્તન વધુ ચર્ચામાં આવ્યું હતું. અમિતાભ જ્યારે પ્રશ્ન પૂછતા ત્યારે ઈશિત વિકલ્પો આવે તે પહેલાં જ જવાબ આપી લોક કરવા કહેતો હતો.નિયમો સમજાવવા જતાં તેમને અટકાવીને કહ્યું કે 'રૂલ્સ સમજાવવા ન બેસો, મને બધું ખબર છે.' આ વર્તનથી લોકો ગુસ્સે થયા અને તેને ખરાબ વાતો કહી, તેમજ પરિવારની પરવરિશ પર પણ સવાલ ઉઠાવ્યા.ઈશિતે ઈન્સ્ટાગ્રામ પર એપિસોડની ક્લિપ સાથે વીડિયો શેર કર્યો અને અમિતાભ તથા કેબીસી ટીમ પાસે દિલથી માફી માંગી હતી. તેણે કહ્યું કે તેના વાણીથી ઘણાને દુઃખ થયું અને તેને ખૂબ પસ્તાવો છે. તે વખતે તે ગભરાઈ ગયો હતો અને વર્તન ખોટું થઈ ગયું, પરંતુ બેરુખું વર્તન કરવાનો ઈરાદો નહોતો. તેણે અમિતાભ અને ટીમનો આદર વ્યક્ત કર્યો.ઈશિતે વધુમાં કહ્યું કે આ ઘટના બાદ તેણે મોટી શીખ મળી છે કે શબ્દો અને વર્તન વ્યક્તિની ઓળખ બનાવે છે, ગાંધીનગરના આ બાળકે સોશિયલ મીડિયા પર વીડિયો શેર કરીને પોતાના વર્તન પર પસ્તાવો વ્યક્ત કર્યો ખાસ કરીને મોટા મંચ પર. તેણે વચન આપ્યું કે આગળ તે વધુ વિનમ્ર, આદરપૂર્ણ અને વિચારશીલ રહેશે. તેમણે સમર્થન આપનારાઓનો આભાર માન્યો અને ગલતીમાંથી શીખવાની તક મળી તેની વાત કરી.ઈશિતના પોસ્ટ પર યુઝર્સની મિશ્ર પ્રતિક્રિયાઓ આવી છે.ગાંધીનગરના આ બાળકે સોશિયલ મીડિયા પર વીડિયો શેર કરીને પોતાના વર્તન પર પસ્તાવો વ્યક્ત કર્યો અને કહ્યું કે તેનો એવો કોઈ ઈરાદો નહોતો. ઈશિત ભટ્ટ હોટસીટ પર બેઠો અને રમત રમી, પરંતુ તેની રમત કરતાં અમિતાભ બચ્ચન સાથેનું વર્તન વધુ ચર્ચામાં આવ્યું હતું. અમિતાભ જ્યારે પ્રશ્ન પૂછતા ત્યારે ઈશિત વિકલ્પો આવે તે પહેલાં જ જવાબ આપી લોક કરવા કહેતો હતો.નિયમો સમજાવવા જતાં તેમને અટકાવીને કહ્યું કે 'રૂલ્સ સમજાવવા ન બેસો, મને બધું ખબર છે.' આ વર્તનથી લોકો ગુસ્સે થયા અને તેને ખરાબ વાતો કહી, તેમજ પરિવારની પરવરિશ પર પણ સવાલ ઉઠાવ્યા.ઈશિતે ઈન્સ્ટાગ્રામ પર એપિસોડની ક્લિપ સાથે વીડિયો શેર કર્યો અને અમિતાભ તથા કેબીસી ટીમ પાસે દિલથી માફી માંગી હતી. તેણે કહ્યું કે તેના વાણીથી ઘણાને દુઃખ થયું અને તેને ખૂબ પસ્તાવો છે. તે વખતે તે ગભરાઈ ગયો હતો અને વર્તન ખોટું થઈ ગયું, પરંતુ બેરુખું વર્તન કરવાનો ઈરાદો નહોતો.કેટલાકે તેને સમર્થન આપ્યું, જ્યારે કેટલાકે હજુ પણ ટોન્ટ માર્યા હતા. પરંતુ ઘણાએ તેનો બચાવ કર્યો કે તે બાળક છે, તેને ભૂલનો અહેસાસ થયો અને માફી પણ માંગી લીધી છે.

શમ્મી કપૂરે એક ખાસ વેબસાઈટ બનાવી હતી

# ડાન્સિંગ સ્ટાર શમ્મી કપૂરની ડિજિટલ દુનિયાના 'બેતાજ બાદશાહ' હતા

## શમ્મી કપૂર ફક્ત ઈન્ટરનેટનો ઉપયોગ કરવા અંગે જ નહીં, પરંતુ તેની સુરક્ષા અને સમજણ અંગે પણ ગંભીર હતા



મુંબઈ,

મુંબઈ: જો કોઈ તમને એમ કહે કે ભારતમાં ઈન્ટરનેટના ઉદય પાછળના સાચાં ઋજ કોઈ ટેક નિષ્ણાત નહીં, પરંતુ બોલીવુડનો ડાન્સિંગ સ્ટારનું યોગદાન હતું, તો આ વાત તમે કદાચ માનશો નહીં. પણ એ બિલકુલ સાચું છે. ૯૦ના દાયકામાં જ્યારે ભારતમાં ઈન્ટરનેટ હજુ નવી વાત હતી, ત્યારે ૭૦ વર્ષીય ફિલ્મ સુપરસ્ટારે આ ટેકનોલોજી અપનાવી અને દેશભરમાં આ વાત ફેલાવી. આ સુપરસ્ટાર બીજું કોઈ નહીં પણ શમ્મી કપૂર હતા, જે કપૂર પરિવારના જાણીતા સભ્ય અને તેમના સમયના 'હાર્ટ થ્રોબ' હતા.વર્ષ હતું ૧૯૯૪નું. ભારતમાં ઈન્ટરનેટ વિશે બહુ જાગૃતિ નહોતી. લોકો સમજી શકતા નહોતા કે તે શું છે? તે સમયે, શમ્મી કપૂરે માત્ર ઈન્ટરનેટ અપનાવ્યું જ નહીં, પણ તેને આગળ વધારવાનું પણ નક્કી કર્યું. તે સમયે તેમણે એપલ મેકિન્ટોશ ડેસ્કટોપ ખરીદ્યું અને આંતરરાષ્ટ્રીય ડાયલ-અપ લાઈન દ્વારા ઈન્ટરનેટ સાથે જોડાનારા પ્રથમ ભારતીયોમાંના એક બન્યા. તે સમયે ઈન્ટરનેટની ઍક્સેસ સરળ કે સસ્તી નહોતી, પરંતુ શમ્મી કપૂરના વિઝને તેમને આ નવી ટેકનોલોજી તરફ આકર્ષ્યા.શમ્મી કપૂર આટલેથી જ અટક્યા નહીં. તેમણે દેશભરના ઈન્ટરનેટ વપરાશકર્તાઓને જોડવા માટે ઈન્ટરનેટ યુઝર્સ કમ્યુનિટી ઓફ ઈન્ડિયાની સ્થાપના કરી અને તેના ચેરમેન બન્યા. તે સમયે, આ સંસ્થા ઈન્ટરનેટ જગત સાથે સંકળાયેલા લોકો માટે જ્ઞાન અને સહયોગનું કેન્દ્ર બની ગઈ હતી. તેમનું માનવું હતું કે ભારતને ડિજિટલ રીતે આગળ વધારવા માટે લોકોને ઈન્ટરનેટ સાથે જોડવા ખૂબ જ મહત્વપૂર્ણ છે.ટેકનોલોજીમાં રસ ધરાવતા શમ્મી કપૂરે એક ખાસ વેબસાઈટ બનાવી. આ વેબસાઈટમાં તેમના સમગ્ર પરિવાર વિશે માહિતી છે – કોણ શું કરે છે, કોને શું રસ છે, અને પરિવારના ફોટા પણ. આ વેબસાઈટ આજે પણ સક્રિય છે અને તે પોતે જ બોલીવુડના ઈતિહાસ અને ડિજિટલ પ્રયોગનું એક ઉદાહરણ છે.શમ્મી કપૂર ફક્ત ઈન્ટરનેટનો ઉપયોગ કરવા અંગે જ નહીં, પરંતુ તેની સુરક્ષા અને સમજણ અંગે પણ ગંભીર હતા. તેમણે એથિકલ હેકર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા નામની એક સંસ્થાની રચના કરી જે હજુ પણ ડિજિટલ સુરક્ષા અને એથિકલ હેકિંગના ક્ષેત્રમાં સક્રિય છે. શમ્મી કપૂરને શરૂઆતથી જ ખ્યાલ આવી ગયો હતો કે ભવિષ્યમાં ઈન્ટરનેટ દરેકના જીવનનો એક ભાગ બનશે. જ્યારે તેમના સાથીઓ ટેકનોલોજીથી દૂર રહેતા હતા, ત્યારે તેમણે તેને અપનાવ્યું અને યુવાનોને તેને અપનાવવા પ્રેરણા આપી.

મને ખોટું તો લાગ્યું પણ ફિલ્મ નહોતી સારી : ઈબ્રાહીમ

# નાદાનિયાંની ટ્રોલિંગ પર ઈબ્રાહિમ ખાને તોડ્યું મૌન



મુંબઈ,

બોલિવૂડ અભિનેતા સૈફ અલી ખાન અને અમૃતા સિંહની જેમ તેમનો પુત્ર ઈબ્રાહિમ અલી ખાન પણ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાની ઓળખ ઉભી કરવાનું સ્વપ્ન જોઈ રહ્યો છે. ઈબ્રાહિમ તાજેતરમાં જ ફિલ્મ 'નાદાનિયાં' થી એક્ટિંગની દુનિયામાં પ્રવેશ્યો હતો. આ ફિલ્મમાં દિવંગત અભિનેત્રી શ્રીદેવીની પુત્રી ખુશી કપૂર મુખ્ય ભૂમિકામાં હતી. થિયેટરમાં રિલીઝ થવાને બદલે તે OTT પ્લેટફોર્મ નેટફિલક્સ પર રિલીઝ થઈ હતી. ઈબ્રાહિમની પહેલી ફિલ્મને લઈને ચાહકોમાં ખૂબ જ ઉત્સાહ જોવા મળ્યો હતો. જોકે, શૌના ગૌતમ દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મ નિષ્ફળ રહી હતી. એટલું જ નહીં ઈબ્રાહિમને ફિલ્મમાં તેની એક્ટિંગ માટે પણ ઘણી ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો. ઈબ્રાહિમે હવે આ બાબતે પોતાનું મૌન તોડ્યું છે.હાલમાં જ એર ઈન્ટરવ્યુંમાં ઈબ્રાહિમ અલી ખાને સ્વીકાર્યું કે, 'નાદાનિયાં' ખૂબ જ ખરાબ ફિલ્મ હતી. થોડા સમય પહેલા સુધી દરેક મારી ફિલ્મ રિલીઝ થવાની રાહ જોઈ રહ્યા હતા, અને 'નાદાનિયાં' પછી તેનો પ્રચાર ખૂબ જ ઘટી ગયો. તેઓએ મને સતત ટ્રોલ કર્યો. આ ખૂબ જ ખરાબ છે... અને મને તેના પર ખૂબ જ ખરાબ લાગ્યું છે. હું માત્ર એટલું જ કહીશ કે, તે ખૂબ ખરાબ ફિલ્મ હતી.'અભિનેતાએ આગળ કહ્યું, 'આ ખરેખર ખૂબ ખરાબ હતું. આ એક પ્રકારનું કલ્ચર બની ગયું છે કે, 'અરે, ચાલો તે ફિલ્મને ટ્રોલ કરીએ' કેટલાક લોકો તેને માત્ર એટલા માટે ટ્રોલ કરી રહ્યા હતા કારણ કે તેઓએ સાંભળ્યું કે, કોઈ બીજું તેને ટ્રોલ કરી રહ્યું છે. આ અયોગ્ય છે,પરંતુ જો હું ભવિષ્યમાં બ્લોકબસ્ટર ફિલ્મ બનાવીશ, તો મને આવી જ પ્રતિક્રિયાની અપેક્ષા રહેશે. તેઓ મારી પાછળ પાગલ થઈ જશે.'ઈબ્રાહિમ આગળ કહ્યું કે, હું ખૂબ જ મહેનત કરી રહ્યો હતો, જાણે હું હજી પણ મારી બોલવાની ક્ષમતા પર કામ કરી રહ્યો છું.

રાજને આટલો પ્રેમ આપનારાઓનો હું આભારી છું : શાહરુખ

# ફિલ્મ 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે'ને 30 વર્ષ પૂરા થયા!

## કાજોલે સ્વિટ્ઝર્લૅન્ડના એક સ્ટેશન પર "દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે" ના પોસ્ટરની તસવીર શેર કરી




મુંબઈ,

"દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે" ફિલ્મ રિલીઝ થયાને 30 વર્ષ થઈ ગયા છે. શાહરુખ ખાન અને કાજોલ અભિનીત આ ફિલ્મ આજથી બરાબર 30 વર્ષ પહેલા, 20 ઓક્ટોબર, 1995ના રોજ રિલીઝ થઈ હતી. આ ખાસ પ્રસંગે, કાજોલ અને શાહરુખ ખાને ભજવેલી ફિલ્મ રાજ અને સિમરને કહ્યું કે આ સફર તેમના માટે એક સ્વપ્ન જેવી રહી છે. તેમણે કહ્યું કે "DDLJ" જોયા પછી લોકો કેવી રીતે પ્રેમમાં પડ્યા તે તેઓ ક્યારેય ભૂલી શકતા નથી.કાજોલે સ્વિટ્ઝર્લૅન્ડના એક સ્ટેશન પર "દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે" ના પોસ્ટરની તસવીર શેર કરી અને લખ્યું, "જુઓ ખરેખર બહુ આગળ પહોંચી ગયું છે."શાહરુખ ખાને કહ્યું- 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે' રિલીઝ થયાને 30 વર્ષ થઈ ગયા હોય તેવું પણ લાગતું નથી. એવું લાગે છે કે ગઈકાલે જ બન્યું હશે, કારણ કે 'બડે બડે દેશો મેં એસી છોટી છોટી બાતે હોતી રહેતી હૈં'. પરંતુ હજુ પણ માનવું મુશ્કેલ છે. હું દુનિયાભરના લોકોનો ખૂબ આભારી છું જેમણે રાજ પર આટલો પ્રેમ વરસાવ્યો છે. કોઈએ કલ્પના પણ નહોતી કરી કે આ ફિલ્મ આટલી ઊંડાણપૂર્વક સ્પર્શ કરશે. હું તે ક્ષણ ક્યારેય ભૂલીશ નહીં જ્યારે લોકો તેને જોવા આવવા લાગ્યા અને પ્રેમમાં પડવા લાગ્યા.'તેમણે ઉમેર્યું, 'આ ફિલ્મે લોકોના દિલ પર જે અસર કરી છે તે અજોડ છે. આજે પણ, ઘણા કપલ મને મળે છે અને કહે છે કે DDLJ જોયા પછી તેઓએ લગ્ન કર્યા છે અથવા પ્રેમમાં પડ્યા છે. આ ફિલ્મે ભારતીય અને દક્ષિણ એશિયન પોપ સંસ્કૃતિ પર કાયમી અસર છોડી છે."શાહરુખે આગળ કહ્યું, "આ ફિલ્મની સફળતાનો બધો શ્રેય આદિત્ય (ચોપડા) ને જાય છે, જેમની પાસે DDLJ બનાવવાની અદ્ભુત સ્પષ્ટતા હતી, અને યશજીના આશીર્વાદને. આપણે બધાએ આ ફિલ્મ ખૂબ જ પ્રેમ અને પ્રામાણિકતાથી બનાવી છે. આવનારા વર્ષો સુધી આપણે પ્રેમમાં પડતા રહીએ."ફિલ્મમાં સિમરનનું પાત્ર ભજવનાર કાજોલે કહ્યું- "DDLJના 30 વર્ષ પૂરા થવાનું સ્વપ્ન જેવું લાગે છે. આ ફિલ્મ હવે એક વારસો બની ગઈ છે, એક આખી પેઢી માટે યાદોનો સ્ત્રોત બની ગઈ છે. તેનો જન્મ બેફિકર યુવાની અને પહેલા પ્રેમના સત્યમાંથી થયો હતો. અમે ક્યારેય કલ્પના પણ નહોતી કરી કે રાજ અને સિમરનનો ટ્રેન સ્ટેશનનો સીન આખા દેશને થંભાવી દેશે. તેના ગીતો, ડાયલોગ અને સરસવના ખેતરો પોપ સંસ્કૃતિનો ભાગ બની ગયા છે."કાજોલે ઉમેર્યું, "DDLJનો એક ભાગ તેના પછી આવેલી દરેક રોમેન્ટિક ફિલ્મમાં હાજર છે. મારા માટે, 'સિમરન' હજુ પણ જીવંત છે; તે લાખો ભારતીય છોકરીઓનું પ્રતીક છે જે તેમના માતાપિતાનું પાલન કરે છે પણ સ્વતંત્રતા માટે પણ ઝંખે છે. તેથી જ તે હજી પણ દરેકને સ્પર્શે છે. જ્યારે કોઈ 'જા સિમરન, જા' કહે છે, ત્યારે તે ફક્ત સંવાદની એક પંક્તિ નથી; તે હિંમત અને પ્રેમનું પ્રતીક બની જાય છે."

કદાચ મેં પરિસ્થિતિને જરૂર કરતાં વધારે હળવાશથી લીધી હતી : સ્મૃતિ

# સ્મૃતિ મંધાનાએ ઈંગ્લેન્ડ સામેની હારની જવાબદારી પોતાના શિરે લીધી



ઈન્દોર,

આઈસીસી વિમેન્સ વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડ સામે થયેલા ચાર રનના આઘાતજનક પરાજય બદલ ભારતીય ટીમની વાઈસ કેપ્ટન સ્મૃતિ મંધાનાએ પોતાના શિરે જવાબદારી સ્વિકારી લીધી હતી. તેણે કબૂલ્યું હતું કે તેની વિકેટ પડી તે સાથે ભારતનો ધબડકો થયો હતો અને ખેલાડીના શોટ સિલેક્શનમાં ખામી રહી હતી જેની શરૂઆત મારાથી થઈ હતી. અમે આથી સારી રમત દાખવી શક્યા હોત.વિમેન્સ વર્લ્ડ કપમાં ભારતનો આ સળંગ ત્રીજો પરાજય હતો. અગાઉ તે ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા સામે એક સમાન અંતર એટલે ત્રણ ત્રણ વિકેટથી હારી ગયું હતું તો રવિવારે તેનો ચાર રનના નજીવા તફાવતથી પરાજય થયો હતો.૨૮૯ રનના ટારગેટ સામે રમતાં ભારત એક સમયે સલામત સ્થિતિમાં હતું અને વિજય તરફ આગળ ધપી રહ્યું હતું. સ્મૃતિ મંધાનાએ શાનદાર ૮૮ રન ફટકાર્યા હતા જેમાં તેણે બે અગત્યની ભાગીદારી પણ નોંધાવી હતી. તેણે કેપ્ટન હરમનપ્રિત કૌર સાથે ૧૨૫ અને દિપ્તી શર્મા સાથે ૬૭ રનની ભાગીદારી નોંધાવી હતી. જોકે મંધાનાએ ૪૨મી ઓવરમાં ટીમનો સ્કોર ૨૩૪ હતો ત્યારે લિન્સે સ્મિથના બોલને લોંગ ઓફ પર લોફ્ટ કર્યો હતો અને તેમાં તે ચૂકી ગઈ હતી. આ ખરાબ શોટને કારણે ભારતને નુકસાન થયું હતું. આમ મંધાનાથી વિકેટના પતનની શરૂઆત થઈ હતી. ત્યાર બાદ રિચા ઘોષ કવર ડ્રાઈવ ફટકારવા જતાં આઉટ થઈ હતી તો ૫૦ રન ફટકારનારી દિપ્તી શર્મા સ્લોગ કરવાના પ્રયાસમાં આઉટ થઈ હતી. આમ ભારતે ત્રણ મહત્વની વિકેટો ગુમાવી દીધી હતી. મંધાનાએ ૮૮, હરમનપ્રિત કૌરે ૭૦ અને દિપ્તીએ ૫૦ રન ફટકાર્યા હતા.મંધાનાએ જણાવ્યું હતું કે આ સમયે તમામના શોટની પસંદગી સારી રહી ન હતી. અમે આથી સારી બેટિંગ કરી શક્યા હોત પરંતુ તેમાં અમે નિષ્ફળ રહ્યા એટલું જ નહીં પરંતુ આ ખરાબ શોટની શરૂઆત મેં કરી હતી. મારે થોડી ધીરજ રાખવાની જરૂર હતી. આમ આ પરાજયની જવાબદારી હું મારા શિરે લઈ રહી છું.રવિવારની મેચમાં ભારતના ચાર રનના પરાજય બાદ વાતચીત કરતાં મંધાનાએ જણાવ્યું હતું કે એક સમયે અમારે પ્રતિ ઓવર માત્ર છ રનની જરૂર હતી. અમે આ રીતે રમતને આગળ લઈ જઈ શક્યા હોત. હું મારી ઉપર જવાબદારી એટલા માટે લઈ રહી છું કેમ કે ટીમના ધબડકાની શરૂઆત મારાથી થઈ હતી. ખરેખર મારી યોજના હવામાં શોટ નહીં ફટકારવાની હતી પરંતુ મેં જ તેનું પાલન કર્યું ન હતું .

### ધનતેરસના વિજય મુહૂર્તમાં ધમધમ્યું સચિવાલય

# નવા મંત્રીઓએ ઓફિસમાં પ્રવેશ કરી સંભાળ્યો ચાર્જ



રીવાબા જાડેજા, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના મંત્રીઓએ બપોરે ૧૨.૩૯ કલાકે વિજય મુહૂર્તમાં પદભાર ગ્રહણ કર્યો હતો

અમદાવાદ,

ગુજરાતના નવનિયુક્ત મંત્રીમંડળમાંથી કેટલાક મંત્રીઓએ શનિવારે (૧૮ ઑક્ટોબર) વિજય મુહૂર્તમાં પોતાના મંત્રી તરીકેના હોદ્દાનો વિધિવત ચાર્જ સંભાળ્યો હતો. રીવાબા જાડેજા, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના મંત્રીઓએ બપોરે ૧૨.૩૯ કલાકે વિજય મુહૂર્તમાં પદભાર ગ્રહણ કર્યો હતો.જામનગર ઉત્તરના ધારાસભ્ય અને રાજ્યકક્ષાના મંત્રી રીવાબા જાડેજાએ વિજય મુહૂર્તમાં મંત્રી પદ ચાર્જ સંભાળવા ગાંધીનગર ખાતે પહોંચ્યા હતા. આ દરમિયાન નવા મંત્રી રીવાબા જાડેજા સચિવાલયમાં તેમના કાર્યાલય પર પહોંચતા જ વિભાગના અધિકારીઓ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તમામ વિભાગીય અધિકારીઓ હાજર રહ્યા હતા. રીવાબા જાડેજાએ પોતાની ઑફિસમાં દીકરી નિધ્યાનાબા સાથે પૂજા-અર્ચના કરી મંત્રી તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો. આ પ્રસંગે તેમના પતિ અને ભારતીય ક્રિકેટ ટીમના ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા અને દીકરી નિધ્યાનાબા પણ હાજર રહ્યા હતા. આ પ્રસંગે ક્રિકેટર રવીન્દ્ર જાડેજાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરી શુભેચ્છા વ્યક્ત કરતાં કહ્યું હતું કે, 'તમારા અને તમારી સિદ્ધિઓ માટે ખૂબ જ ગર્વ છે. મને ખાતરી છે કે તમે ઉત્કૃષ્ટ કાર્ય કરવાનું ચાલુ રાખશો અને જીવનના દરેક ક્ષેત્રના લોકોને પ્રેરિત કરતા રહેશો. ગુજરાત કેબિનેટમાં મંત્રી તરીકેની તમારી સફર માટે તમને ખૂબ ખૂબ સફળતાની શુભેચ્છાઓ. જય હિંદ'

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે શુભ વિજય મુહૂર્તમાં ગાંધીનગર સ્થિત સ્વર્ણિમ સંકુલ-૧ ખાતે તેમના કાર્યાલયનો પદભાર સંભાળી લીધો હતો. સ્વર્ણિમ સંકુલ-૧ના બીજા માળે નાયબ મુખ્યમંત્રી તરીકે તેમને ચેમ્બર ફાળવવામાં આવી છે. પદભાર ગ્રહણ કરતા પહેલા હર્ષ સંઘવીએ વિધિવત રીતે પૂજા-અર્ચના કરી હતી અને ત્યાર બાદ તેમણે નાયબ મુખ્યમંત્રી તરીકે ચાર્જ સંભાળ્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં તેમના શુભેચ્છકો, સમર્થકો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા અને તેમને અભિનંદન પાઠવ્યા હતા.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને મહત્વના ખાતાઓ સોંપવામાં આવ્યા છે. જેમાં ગૃહ, પોલીસ આવાસ, જેલ, સરહદ સુરક્ષા, ગૃહ રક્ષક દળ, ગ્રામ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ, પ્રોહિબિશન અને આબકારી, પરિવહન, કાયદો અને ન્યાય, રમતગમત અને યુવા સેવાઓ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, ઉદ્યોગો, મીઠું ઉદ્યોગ, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો, છાપકામ અને સ્ટેશનરી, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ, નાગરિક ઉડ્ડયન ખાતું સોંપવામાં આવ્યું છે. આ ઉપરાંત, આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલે અને શ્રમ અને રોજગાર મંત્રી કાંતિ અમૃતિયાએ પણ શુભ વિજય મુહૂર્તમાં મંત્રી તરીકેનો ચાર્જ સંભાળીને પોતાના કાર્યની શરુઆત કરી હતી. જ્યારે અમરેલીના યુવા ધારાસભ્ય કૌશિક વેકરિયાએ રાજ્યકક્ષાના મંત્રી તરીકે ચાર્જ સંભાળ્યો હતો. કનુ દેસાઈએ પણ વિજય મુહૂર્તમાં મંત્રી તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો.

બીજી તરફ, મંત્રી પ્રવીણ માળીએ ચાર્જ સંભાળતા પહેલા અંબાજી ખાતે મા અંબાના દર્શન કરી તેમના આશીર્વાદ મેળવ્યા હતા અને રાજ્યના ઉત્તમ વહીવટ માટે પ્રાર્થના કરી હતી. ત્યારબાદ મંત્રી પ્રવીણ માળી ચાર્જ સંભાળ્યો હતો. તો બીજી તરફ પીસી બરંડાએ મંત્રી બન્યા બાદ શામળાજી મંદિરમાં શીશ ઝુકાવી દર્શન કર્યા હતા.






### એટીએમમાં વૃદ્ધને મદદ કરવાના બહાને ઠગાઈ આચરતો હતો

# રામોલમાં ATM કાર્ડ બદલીને ૪૦ હજાર વિડ્રો કરી લેનારો રીઢો ચોર ઝડપાયો




અમદાવાદ,

બેંકના ATM સેન્ટરમાં રૂપિયા ઉપાડવા જતા લોકોને ટાર્ગેટ કરીને વિશ્વાસ કેળવીને તેમની પાસેથી ATM કાર્ડ અને પીન નંબર મેળવી લઈને અન્ય બેંકનું ATM પધરાવી દઈ રૂપિયા ઉપાડી લીધા હોવાના અઢળક બનાવો નોંધાયા છે ત્યારે ગત મહિને સાંજે રામોલ સૂરેલિયા ચાર રસ્તા નજીકના મોલમાં એક્સિસ બેંકના એટીએમ સેન્ટરમાં રૂપિયા ઉપાડવા ગયેલા વૃદ્ધને મદદ કરવાના બહાને તેમની પાસેથી ગઠિયાએ એટીએમ કાર્ડ લઈ લીધું અને પાસવર્ડ જાણી લીધા બાદ વૃદ્ધની નજર ચૂકવીને અન્ય બેંકનું એટીએમ આપીને વૃદ્ધના ખાતામાંથી રૂ.40 હજાર ઉપાડી લીધા હતા. આ મામલે રામોલ પોલીસે 14થી વધુ ગુનામાં અગાઉ ઝડપાઈ ચૂકેલા રીઢા આરોપીની ધરપકડ કરી છે.વસ્ત્રાલ આરટીઓ રોડ નજીક રહેતા રાજેશકુમાર જૈન (ઉં.54) સ્કૂલમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત 5 સપ્ટેમ્બરે સાંજે રાજેશભાઈ સૂરેલિયા ચાર રસ્તા નજીક સ્વસ્તિક મોલમાં આવેલા એટીએમમાં રૂપિયા ઉપાડવા ગયા હતા. આ સમયે તેમની પાછળ અજાણ્યો વ્યક્તિ આવીને ઊભો રહ્યો અને કાકા તમારું એટીએમ આપો હું તમને પૈસા ઉપાડવામાં મદદ કરી આપું તેમ કહેતા રાજેશભાઈને વિશ્વાસ લઈ તેમનુ એટીએમ કાર્ડ અને પાસવર્ડ માગ્યો બાદમાં તમારા એટીએમમાંથી રૂપિયા ઉપડતા નથી કહીને આરોપીએ રાજેશભાઈની નજર ચૂકવીને એટીએમ કાર્ડ બદલી અન્ય બેંકનું કાર્ડ આપી દીધું હતું. થોડે દૂર ગયા બાદ રાજેશભાઈના મોબાઈલ ફોનમાં રૂ.40 હજાર વિડ્રો થયાનો મેસેજ આવતા તેમની પાસે રહેલું એટીએમ કાર્ડ જોતા તે બદલાઈ ગયેલું હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ રાજેશભાઈએ રામોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે રીઢા આરોપી નાગજી પ્રભાતભાઈ રબારીની ધરપકડ કરી છે.રામોલ પોલીસે ૧૪થી વધુ ગુનામાં અગાઉ ઝડપાઈ ચૂકેલા રીઢા આરોપીની ધરપકડ કરી, વધુ કાર્યવાહી હાથધરી ભાઈ તમને રૂપિયા ઉપાડતા આવડતું ન હોય તો લાવો ATM કાર્ડ, હું તમને રૂપિયા ઉપાડીને દઉં કહીને ATM સેન્ટરમાં રૂપિયા વિડ્રો કરવા આવેલા લોકોને વિશ્વાસમાં લઈને આરોપી ATMનો પીન જાણી લેતો હતો. બાદમાં અન્ય બેંકનું ATM કાર્ડ રૂપિયા ઉપાડવા આવેલા શખ્સને આપીને અહીંયા રૂપિયા નીકળતા નથી.

### પત્નીની સામે જ અલગ અલગ યુવતીઓને બાઈક પર લઈને પતિ ફરતો હતો

# ઊંઘમાં પ્રેમિકાના નામો બોલતા પતિ સામે પત્નીએ પોલીસ ફરિયાદ નોંધાવી



અમદાવાદ,

શહેરમાં વધુ એક દહેજ ભૂખ્યા સાસરિયાઓએ ત્રાસ ગુજાર્યો હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. એક યુવતીએ તેના સાસરિયાં સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. યુવતીએ આક્ષેપ કર્યો છે કે તેનો પતિ અનેક સ્ત્રીઓ સાથે સંબંધ રાખતો હતો અને ઊંઘમાં પણ પ્રેમિકાઓના નામ બોલતો હતો. યુવતીની સામે જ તેનો પતિ અલગ અલગ યુવતીઓને બાઈક પર ફરતો હતો. આટલું જ નહિ પરિવારજનોના દેખતા તેને માર મારતો હતો અને પિયરમાંથી રૂપિયા લાવવા દબાણ કરતો હતો. મહિલાને અન્ય સંબંધ અને ગાંજાની લત હોવાનું કહીને સાસરિયાં તેને બદનામ કરતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી મહિલાને અન્ય સંબંધ અને ગાંજાની લત હોવાનું કહીને સાસરિયાં તેને બદનામ કરતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મોટેરામાં રહેતી ૩૩ વર્ષીય યુવતીએ વર્ષ ૨૦૧૯માં તમિલનાડુ ખાતે લગ્ન કર્યા હતા. યુવતીના પિતાએ લગ્નમાં ૨૦ લાખનો ખર્ચ કર્યો હોવા છતાંય સાસરિયાઓએ રોકડા અને દાગીનાની માગણી કરતા તેના પિતાએ ૧૦ લાખ રોકડા દહેજ આપ્યું હતું. જ્યારે તે સાસરે ગઈ ત્યારે તેના પતિએ આપણે ત્યાં સ્ત્રીઓ નોકરી નથી કરતી તેમ કહીને ઘરે બેસાડી દીધી હતી. જ્યારે યુવતીને ગર્ભ રહ્યો ત્યારે પણ તે વધારે કંઈ લાવી નથી તો પિયર આરામ કરવા મોકલી દેવાનું કહીને ત્રાસ આપ્યો હતો. યુવતીનો પતિ અવાર નવાર પિયરમાંથી પૈસા લાવી આપવાનું કહીને માર મારતો હતો. જ્યારે યુવતીના પતિએ મુંબઈમાં નોકરી શરૂ કરી ત્યારે તે અડધી રાત્રે દારૂ પીને આવતો હતો અને રજાના દિવસે અન્ય સ્ત્રીઓ સાથે વાતો કરતો હતો. યુવતીનો પતિ ઊંઘમાં પણ પ્રેમિકાઓના નામ બોલતો હતો. પુત્ર અને ઘરના સભ્યોના દેખતા માર મારતો હતો. આરોપી પતિ તેની પત્ની સામે જ અલગ અલગ યુવતીઓને બાઈક પર લઈને ફરતો હતો. પ્રેમિકા સાથે રહીને અનેક દિવસો સુધી ઘરે પણ આવતો નહોતો. યુવતીના સાસરિયાં તેની બીજે ચક્કર છે અને ગાંજાની લત છે તેવું કહીને સમાજમાં બદનામ કરતા હતા. એક દિવસ પતિની બેગમાંથી નિરોધનો જથ્થો મળી આવતા પતિએ ઝઘડો કરીને ચપ્પુ બતાવીને છૂટાછેડા નહિ આપે તો આપઘાત કરી લઈશ તેવી ધમકી આપી હતી.

### એક લાખ રોકડા અને ઘરેણાં લઈ ફરાર

# વડોદરાની લુંટેરી દુલ્હને ખંભાતના એક યુવકને શિકાર બનાવ્યો

## લગ્ન કરવાનું કહી યુવક પાસેથી રૂપિયા એક લાખ અને સોના ચાંદીના દાગીના દુલ્હન અને તેની માતાએ પડાવ્યા




વડોદરા,

આણંદ જિલ્લાના ખંભાત ખાતે રહેતા યુવકને લગ્ન કરવાનું કહીને તેની પાસેથી વડોદરાના આજવા રોડ પર રહેતી યુવતી અને તેની માતાએ રોકડા રૂપિયા એક લાખ રોકડા, સોનાની જડ, ચાંદીનું મંગળસૂત્ર, કપડા સહિતનો સામાન લીધો હતો. ત્યારબાદ માંડવી ખાતે માતાના ફુલહાર લેવા વરરાજાને મોકલી યુવતી અને તેની માતા રીક્ષામાં બેસી ફરાર થઈ ગયાં હતા. યુવકે બાપોદ પોલીસ સ્ટેશનમાં લુંટેરી દુલ્હન અને તેની માતા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તેમને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.સૂત્રોના જણાવ્યા અનુસાર આણંદ જિલ્લાના ખંભાતમાં રહેતા રાજવીર ઉર્ફે રાજુ રમણભાઈ રાઠોડ લગ્ન થયા ન હોય લગ્ન કરવા કન્યાની શોધમાં હતો. દરમિયાન યુવકની ભાણેજ જીતેન્દ્ર કિરીટભાઈ વણકરની પત્ની પારૂલબેને તેઓના ઓળખીતા મીનાબેન મરાઠી (રહે.બાજવા બ્રિજની બાજુમાં વડોદરા)ને લગ્ન માટેની વાત કરી હતી. જેથી મીનાબેન મરાઠીએ યુવકનો મોબાઈલ નંબર મનુભાઈ ભુવાજીને આપ્યો હતો. ૪ સપ્ટેમ્બરના સવાર ભાણેજ વહુ પારૂલબેને ફોન કરી મામા આપણે વડોદરા છોકરી જોવા જવાનું છે તમે આવી જાઓ. જેથી યુવક બાજવા પહોચી મીનાબેન મરાઠીને લઈને નીકળ્યાં હતા. ત્યારે મીનાબેને આજવા ચોકડી આવી મનુભાઈ ભુવાજીને ફોન કરતા તેઓએ કમલાનગર તળાવ પાસે આવેલ ચાચા નહેરૂ નગરમાં પુજા નામની છોકરી બતાવી હતી. જે છોકરીની માતા મીનાબેન અપંગ છે. યુવક અને પુજાએ એકબીજાના મોબાઈલ નંબર આપ-લે કર્યા હતા. છોકરી જોઈ ઘરની બહાર નીકળ્યાં ત્યારે મનુ ભુવાજીએ લગ્ન માટે લેવડ દેવડ કરવી પડશે. જેમાં રૂપિયા ૨ લાખ રોકડા તથા સોનાની જડ, ચાંદીનું મંગળસુત્ર, ચાંદીના છડા તથા દુલ્હનના કપડા આપવા પડશે તેમ જણાવ્યું હતું. ત્યારે યુવકે લેવડદેવડ વધારે છે. જેથી લગ્ન કરવુ નથી. બે દિવસ પછી પૂજાએ ફોન કરી વડોદરા આવો એક લાખ રૂપિયામાં નક્કી કરી દઈએ તેમ જણાવતા યુવક તેમના સંબંધીઓ સાથે યુવતીને ઘરે આવ્યો હતો. ત્યાં મીનાબેન તથા પુજાબેન મળતા તેમણે એક લાખ રૂપિયા રોકડા, સોનાની જડ, ચાંદીનું મંગલસુત્ર તથા ચાંદીના છડા તથા દુલ્હનના કપડા આપવાની અને ફુલહાર કરી પુજાબેનને લઈ જજો તેવી વાત નક્કી થઈ હતી.યુવક સહિતના પરિવારે મીનાબેનને એક લાખ રૂપિયા રોકડા, સોનાની જડ, ચાંદીનું મંગલસુત્ર, ચાંદીના છડા અને દુલ્હનના કપડા આપ્યા હતા. ત્યારે યુવતી અને તેની માતાએ માંડવી મેલડી માતાના મંદિરે મંગળસુત્ર પહેરાવવજો તેમ કહી યુવકને માંડવી લઈ ગઈ હતી. ત્યાં મીનાબેને માતાજીને ચડાવવા ફૂલ લઈ આવો તેમ કહેતા યુવક ફુલહાર લેવા ઉતર્યો હતો. માતા પુત્ર રિક્ષા લઈ ભાગી ગયા હતા. રિક્ષા ઉભી રાખવા યુવકે બુમો પાડી પરંતુ રિક્ષા ઉભી રાખી નહોતી. આમ લગ્ન કરવાનું કહી યુવતી અને તેની માતા એક લાખ રોકડા, સોનાની જડ, ચાંદીનું મંગલસૂત્ર તથા ચાંદીના છડા તથા દુલ્હનના કપડા લઈને ભાગી ગયા હતા. જેથી યુવકે બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ લૂટેરી દુલ્હન સહિતની ગેંગને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

### મૃતદેહ નદીના કાચા માર્ગે ફેંકી દઈ પુરાવા નાશ કરવાનો પ્રયાસ કરાયો

# અમરેલીમાં સિંહણનો ઇલેક્ટ્રિક શોક આપી શિકાર : બે ઝડપાયા



અમરેલી,

અમરેલી જિલ્લાના લીલીયા રેન્જમાં સિંહણના મોત મામલે વન વિભાગે બે આરોપીઓની ધરપકડ કરી છે. કણકોટ ગામ નજીક ગેરકાયદેસર રીતે ઈલેક્ટ્રિક શોક આપીને સિંહણનો શિકાર કરાયા હતો. ત્યારબાદ મૃતદેહને વાહનમાં ભરીને કાચા માર્ગે ફેંકી દઈ પુરાવા નાશ કરવાનો પ્રયાસ કરાયો હતો.બે દિવસ કણકોટ નજીક રેવન્યુમાંથી એક સિંહણનો મૃતદેહ મળ્યો હતો. વન વિભાગ દ્વારા પેનલ પીએમ કરાવતા મૃતદેહ પર ઈલેક્ટ્રિક શોકના નિશાન મળ્યા હતા, જેનાથી વન વિભાગ ચોંકી ઉઠ્યું હતું. શેત્રુંજી ડિવિઝનના ACF વિરલ ચાવડા અને RFO ગલાણી સહિતની ટીમોએ તાત્કાલિક તપાસ શરૂ કરી હતી.સિંહણના મોત અને પુરાવા નષ્ટ કરવાના ગુનાની તપાસ માટે લીલીયા રેન્જની ૩૫ થી ૪૦ કર્મચારીઓની ટીમો કામે લાગી હતી. આ ટીમોએ ૬૦૦ થી વધુ રેવન્યુ સર્વે નંબરોમાં ફૂટ પેટ્રોલિંગ કર્યુ હતું અને ખેતરોમાં ગેરકાયદેસર જીવંત ઈલેક્ટ્રિક શોર્ટની તપાસ કરી હતી.વિસ્તારના સીસીટીવી ફૂટેજ અને અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચની મદદથી મોબાઈલ ટાવર ડમ્પ ડેટાની ચકાસણી કરવામાં આવી હતી.

Printed, Published and Owned by **Raval Prakash Jagdish** and Printed at **Gujarat Garjana Offset**, B/13, Shri Sainath Ind. Estate, Nr. G.D. High School, B/h. Kubereshwar Mahadev Saijpur Bogha, Naroda Ahmedabad-382345. Published From - 703, Starline Complex, Alkapuri, Opp. Circuit House, Vadodara - 380007. Editor :- **RAVAL PRAKASH JAGDISH**